એક રાજ્ય વ્યવસ્થા તરીકે લોકશાહીની મર્યાદાઓને જ્યારે આ અંકના મુખ્ય વિષય તરીકે ચર્ચવાનું નક્કી કર્યું ત્યારે મનમાં થોડી અવઢવ હતી. અવઢવ એ વાતની કે જેવી છે તેવી લોકશાહીને સ્વીકારી લેવાની સામાન્ય માનસિકતામાં  કાંકરીચાળો કરીને વમળ ઉત્પન્ન કરવાનો પ્રયાસ બિન- પ્રાસંગિક તો નહીં બને ને? કારણ કે જેમ ગરીબી કે વસ્તી-વધારાના મુદ્દા -જે એક જમાનામાં રાજકીય પક્ષો અને સામાન્ય પ્રજાને ચગડોળે ચઢાવતા-આપણા ફોકસની બહાર જતા રહ્યા છે તેમ લોકશાહી પણ એની મર્યાદાઓને કારણે આપણને કેટલી મોંઘી પડી રહી છે તે પણ જાણે આજે કોઈ મુદ્દો જ નથી !

પણ આ નિમિત્તે દુનિયાભરના સાંપ્રત પ્રવાહો અને ચિંતનનો અભ્યાસ કરવાનું થયું ત્યારે ખ્યાલ આવ્યો કે લોકશાહીની પ્રવર્તમાન દશા-કે અવદશા- દુનિયાભરની પ્રજાને સ્થૂળ રીતે અને ઘણા ચિંતકો અને બૌદ્ધિકોને સૂક્ષ્મ રીતે પજવે તો છે જ. કમનસીબે, એ પણ દેખાયું કે ક્ષતિપૂર્તિનો સ્પષ્ટ આલેખ કદાચ કોઈની પાસે નથી.

જો કે આપણે ગૌરવપૂર્વક કહી શકીએ એમ છીએ કે આખાય મુદ્દાની તલસ્પર્શી છણાવટ આપણા જ ગાંધી-જયપ્રકાશ- વિમલાતાઈ એ નજીકના જ કહી શકાય તેવા ભૂતકાળમાં કરેલી છે. કેવળ છણાવટ જ નહીં, બલ્કે એક વિશદ દર્શન પણ આપણી સમક્ષ મુકેલ છે.‘તળે ઉપર’માં જેપીનો લેખ આની સાક્ષી પૂરશે. ગ્રામ-સ્વરાજની ગાંધી-કલ્પના ભલે અતિ આદર્શવાદી અને અવાસ્તવિક લાગે તો પણ લોકશાહીની ઉત્ક્રાંતિના સંદર્ભે તપાસવા જેવી છે.

સંવાદ-લેખક મિત્રોનો આપણી લોકશાહી પ્રત્યેનો અસંતોષ દરેકના લેખમાં સ્પષ્ટ ડોકાય છે. કેટલાક મિત્રો રાજકીય-ચૂંટણી સુધારાને પ્રાધાન્ય આપે છે તો અન્ય કેટલાક લોક જાગૃતિને. પણ વાત ત્યાં જ આવીને અટકે છે કે લોકશાહી પ્રાતિનિધિકને બદલે પ્રત્યક્ષ બને એ માટે શું કરવું ? શું થઈ શકે ?

‘વૈવિધ્ય’માં આપણા જ વાચકોના લેખ સારા એવા પ્રમાણમાં મળે છે એનો સંતોષ છે ! ગયા વર્ષે અપાયેલી પક્ષી-પરિચય લેખમાળા પછી, કહો કે સમાપન રૂપે આ સાથે  અપાયેલા લેખ- ‘પક્ષી દર્શન’, સાથે ઘણું બધું- તરફ સૌનું ધ્યાન ખેંચું છું. ‘કવિતા’માં આઠમી માર્ચ મહિલા દિવસે લખાયેલ આપણાં પ્રજ્ઞાબેન પટેલની એક અને એક અન્ય કવિયત્રી રેણુકા દવેની રચનાઓ ગમશે.

‘પુસ્તક પરિચય’ (‘ભાઈ’ એજલ્સનો ધબકાર) અને ‘પ્રવચન’ (મહાશ્વેતાદેવી) પણ આપ સૌની અપેક્ષા સંતોષશે એવી આશા છે. અંતે, મહામારીના આ કપરા સમયમાંથી આપ સૌ હેમખેમ પસાર થઈ જાઓ એવી શુભેચ્છા સાથે.



**નિરંજન શાહ**





## ૧. રાજનીતિની નવી શૈલી અને પદ્ધતિ

**જયપ્રકાશ નારાયણ**

નવી રાજનીતિ આજની પ્રચલિત રાજનીતિ કરતાં સર્વથા ભિન્ન હશે. સત્તાના વિકેન્દ્રીકરણની વાત આપણે સ્વીકારીએ છીએ કે તુરંત જ રાજનીતિનું સ્વરૂપ ધરમૂળથી બદલાઈ જાય છે. રાજનીતિની આજની શૈલી તેમ જ પદ્ધતિમાં પરિવર્તન આવી જાય છે. આ લોકશાહીનું માળખું આપણા દેશમાં આટલાં વર્ષ સુધી ટકી રહ્યું તે આપણા માટે ગૌરવની વાત છે. પરંતુ આ લોકશાહી ખરા અર્થમાં લોકોનું રાજ બને તે માટે શું કરવું જોઈએ, તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે બાબત આગળ વિચારવું પડશે.

પાછલી સદીઓમાં રાજનીતિનો અમુક એક વિકાસ થયો છે અને તેણે માનવ સમાજને એ આજે જ્યાં છે ત્યાં લાવીને મૂક્યો છે. પણ હવે એવું મનાય છે કે જ્યાં સુધી આવ્યા છીએ ત્યાંથી આગળ હવે બીજો કોઈ નવો રસ્તો નથી. પરંતુ મારું એમ કહેવું છે કે આજે દુનિયામાં જે પ્રથા પ્રચલિત છે તે પૈકી સંસદીય લોકશાહી ભલે સૌથી સારી ગણાય પણ એથી આગળ એનાથી પણ વધુ સારી પ્રથા કોઈ હોઈ શકે તેમ છે કે નહીં તે જોવું જોઈએ અને તે દિશાના પ્રયોગો થતા રહેવા જોઈએ. ચૂંટણી આદિની રાજનીતિ પાછળ આજે જેટલી શક્તિ ખર્ચાય છે તેની અડધી યે શક્તિ જો આ નવા માર્ગની પાછળ ખર્ચાય તો વાતાવરણ જુદું જ બને.

સંસદીય લોકશાહીનાં વિવિધ રૂપો છે. એ પૈકીનું એક આપણા દેશમાં પણ કાયમ થઈ રહ્યું છે. તેનું થોડું પરીક્ષણ કરીએ. આ લોકશાહી માળખું ચૂંટણી પ્રથા તેમજ મતાધિકાર ઉપર આધારિત છે. હવે એક જમાનામાં આ મતાધિકારનો વિચાર ઘણો ક્રાંતિકારી મનાયો. પણ આપણે જોઈએ છીએ કે તેના દ્વારા સમાજે બહુ આગળ કૂચ કરી નથી. અલબત્ત એ સાવ ફેંકી દેવા જેવી કે તિરસ્કાર કરવા જેવી વાત છે એમ કહેવાનો આશય નથી. પણ જ્યારે આપણે આગળ પ્રગતિ કરવા માંગીએ છીએ ત્યારે તો જરૂર સમજવું જોઈએ કે માત્ર આ મતાધિકાર પૂરતો નથી.

બીજી વાત છે બહુમતીની. સંસદીય લોકશાહીમાં એક એવી માન્યતા છે કે બહુમતીના આધાર પર જ રાજ્ય ચાલી શકે. પણ જો હું ૪૯માં હોઉં તો ૫૧ની વાત સ્વીકારી લેવા માટે મને શું કામ ફરજ પાડવામાં આવે ? તેમાં કયો ન્યાય છે ? તેનો કોઈ ઉત્તર નથી. કોઈ નવો ઉકેલ નથી શોધાતો. તેથી આ રીતે ગાડું ગબડતું રહે છે. ગાંધીજીનું એક વચન છે, ‘બહુમતીનું રાજ્ય માત્ર પશુબળ છે, જેવું સેના અને પૈસાના જોર પર ચાલતા રાજ્ય વહીવટમાં આપણે જોઈએ છે.’ કેટલા બધા ઊંડા ઊતરીને ગાંધીજીએ આ કહ્યું હતું !

વળી, ચૂંટણી લોકશાહીનો પ્રાણ છે તોય આજે તો કોઈ દરિદ્રનારાયણ ચૂંટણીમાં ઉમેદવારી કરે અથવા તો ગરીબો પોતે પોતાનો ઉમેદવાર ઊભો રાખે એ સંભવિત નથી અને ચૂંટણીમાં ઊભેલા પૈકીના કોઇ એકને જ જનતાએ ચૂંટવો પડે છે અને પછી તે સમગ્ર જનતાનો પ્રતિનિધિ બને છે. થોડા મહારથીઓ દિલ્હીમાં કે અમદાવાદમાં બેસીને કયા ઉમેદવારને ઊભો રાખવો તેની સંતલસ કરી લે છે. જનતાને માત્ર એટલી જ સ્વતંત્રતા છે કે ઉપરથી ઊભા રખાયેલા દસ-બાર ઉમેદવારોમાંથી જ કોઈને પસંદ કરી તમારો મત આપો. શું આ જ છે જનતાનું રાજ? અને આ જ છે ચૂંટણી ? હરગીઝ નહીં. આનો કંઈક વિકલ્પ શોધવો જોઈએ.

હકીકતમાં આજે તો સર્વસત્તાધીશ ટોચ તરફથી શક્તિ વિહોણા તળિયા ભણી પ્રવાહ વહી રહ્યો છે. આપણી લોકશાહી આજે બહુ જ સાંકડા પાયા પર ઊભી છે, જાણે કે ટોચ પર ઊભેલો ઊલટો પિરામીડ. એટલે આ પ્રકારની આજની વ્યવસ્થાને સમૂળગી પલટાવવાની હું હિમાયત કરું છું. દરેક પુખ્ત ઉંમરના નાગરિકને મત આપવાનો અધિકાર દઈએ એટલા માત્રથી પિરામિડનો પાયો વ્યાપક નથી બનતો. કરોડોની સંખ્યામાં વેરાયેલા વ્યક્તિગત મતદાતા રેતીના કણ જેવા છે જે કદી કોઈ સર્જનના પાયા બની શકે નહીં. એ રજકણોને તો ઈંટનો કે નક્કર કોંક્રીટનો ઘાટ આપીએ તો જ તે કોઈ ભવનનો પાયો બની શકે.

આ માટે જ્યાં લોકો ભેગા રહેતા હોય, જ્યાં એમનું જીવન એક સાથે ધબકતું હોય એવા જીવંત એકમોમાં જઈ લોકશક્તિને જગાડવી પડશે. એ એકમો રેતીના ઢગલા જેવાં કે ટોળાં જેવા ના હોય, પણ એક જીવંત સમૂહ હોય, પરસ્પરાવલંબી હોય. અને આપણે ત્યાં તો હજી ૮૦ ટકા લોકો આવા બે આંખની શરમ વાળા પ્રત્યક્ષ સમાજમાં જ, ગામડાંમાં જ વસે છે. એ ગામડાંઓની શક્તિ જગાડીને તેનાથી તેમની સમસ્યાઓ ઉકેલવાની છે. આજે એ શક્તિ કુંઠિત છે, સુષુપ્ત છે, તેને જગાડવાની છે, કેળવવાની છે. આપણે જો લોકશાહીને સદ્ધર બનાવવી હશે તો તેના પાયાને વિશાળ બનાવવો પડશે અને ઉપલા સ્તરોને પાયાને અનુરૂપ આકાર આપવો પડશે.

આ ધોરણ પર લોકશાહીમાં જરૂરી સુધારા થઈ શકે અને લોકશાહી સરકારની આજની પદ્ધતિમાં આ રીતે સુધારો થઈ શકે છે એવું જો આપણે દુનિયાને બતાવી શકીએ તો લોકશાહીના વિકાસનો આગળનો માર્ગ મળશે. માત્ર 'પ્રજાનું, પ્રજા માટેનું, પણ પ્રજા મારફત નહીં' એવું રાજ્ય નભાવી લેતી આજની પરિસ્થિતિથી કોઈપણ લોકશાસનવાદીને સમાધાન ન થવું જોઈએ. પ્રજા પોતાની બાબતોમાં સીધો અને ખરેખરો ભાગ ભજવે એ જરૂરી છે.

આ એક વ્યાપક લોકશિક્ષણનું કામ છે. લોકનીતિના વિકાસનું કામ છે. તે માટે લોકોની વચ્ચે આપણે જવાનું છે, તેમને સમજાવવાના છે, એમની શક્તિ નિર્માણ કરવાની છે, એમનું માનસ કેળવવાનું છે. આ રીતે આપણે ગ્રામ્ય સ્તરેથી



લોકનીતિની પ્રક્રિયાનો પ્રારંભ કરવાનો છે. લોકશાહીનો નવો પાયો, નવી આધારશીલા ખડી કરવાની છે. આ કોઈ સામાન્ય કામ નથી. ઘણા પ્રયોગ કરતાં કરતાં અને અનુભવ પરથી શીખતાં શીખતાં આગળ વધી શકાય એવું આ કામ છે. આનું સમગ્ર કલ્પનાચિત્ર પણ આજ અને આજ જ રજૂ કરી શકાય તેમ નથી. માત્ર એટલું કહી શકાય કે પક્ષવિહિન તેમજ લોકો જેમાં સીધો ભાગ લેતા હોય એવી ચેતનથી ધબકતી પ્રત્યક્ષ લોકશાહી આપણે નિર્માણ કરવી છે. ગામડાંઓને ગાંધીજીની કલ્પનાંના ગ્રામ-રાજ્યો, ગ્રામ- પ્રજાસત્તાકો બનાવવા છે. આમ થશે તો આજના પક્ષો અને સત્તાના રાજકારણની સિકલ બદલાઈ જશે.

લોકશાહી વ્યવસ્થામાં આવું કંઈક આગળનું પગલું આજે દુનિયા આખી ઈચ્છે છે. આજની ડેલીગેટેડ- પ્રાતિનિધિક લોકશાહીથી હવે કોઈને પૂરતો સંતોષ નથી. દુનિયાભરના પ્રગતિશીલ વિચારકો આજે 'ડીરેક્ટ એન્ડ પાર્ટીસિપેટરી ડેમોક્રસી' - 'પ્રત્યક્ષ અને લોકો જેમાં સીધો ભાગ લેતા હોય એવી લોકશાહી'ની હિમાયત કરે છે. મને ખાતરી છે કે આખી દુનિયાને છેવટે આજ માર્ગે આવવું પડશે. આના સિવાય હવે બીજો કોઈ માર્ગ નથી જે દુનિયામાં સમાનતા, બંધુતા અને સ્વતંત્રતાની સ્થાપના કરી શકે. સત્તા જો મુઠ્ઠીભર લોકોના હાથમાં કેન્દ્રિત રહી અને બાકીના લોકો જો એમના ઓશિયાળા રહ્યા તો દુનિયા નક્કી એક ભારે સંઘર્ષમાં ફસાઈ જશે જે માનવજાતનો સર્વનાશ નોતરશે. તેથી સત્તા અને સંપત્તિનું વિકેન્દ્રીકરણ કરી માનવમાત્રના વિકાસ તરફ આપણે અવશ્ય ધ્યાન દેવું પડશે, ખરા અર્થમાં લોકોનું રાજ સ્થાપવું પડશે.

('મારી વિચારયાત્રા'માંથી સાભાર)

## ૨. શું લોકશાહી મૃત્યુ શૈયા ઉપર છે?

**વિલ ડ્યુરાં**

હેગલ(જર્મન ફિલોસોફર- ૧૭૭૦-૧૮૩૧)ના તત્વજ્ઞાનનો એક મૂળભૂત સિદ્ધાંત એવો છે કે ઈતિહાસની દરેક સ્થિતિ માટે એક પ્રતિસ્થિતિ હોય જ છે જે મૂળ સ્થિતિ સાથે સંયોજાઈને એક એવી ઉચ્ચતર સમન્વયની સ્થિતિનું સર્જન કરે છે જે પહેલાની બંને સ્થિતિઓ કરતાં વધુ વિકસિત હોય છે. આ થિસિસ, એન્ટીથિસિસ અને સિન્થેસિસના સિદ્ધાંતને શાસન(સરકાર)નાં સ્વરૂપોને લાગુ પાડવામાં આવે તો આપણે જોઈ શકીએ છીએ કે ઉમરાવશાહી લોકશાહીને જન્મ આપે છે અને લોકશાહી આપણી આંખ સામે જ એક અનોખા અચરજની જેમ બદલાઈ જાય છે. ઉમરાવશાહીના, કૌશલ્ય અને ક્ષમતા-પ્રાપ્ત વ્યક્તિઓ પાસેથી સેવા મેળવવાના સિદ્ધાંતનો લોકશાહીના એવા સિદ્ધાંત સાથે સમન્વય થાય છે કે કોઈ મનુષ્યને બીજા

મનુષ્ય ઉપર તેની સંમતિ વિના શાસન ચલાવવા યોગ્ય ગણી શકાય નહીં.

મહાકાય શહેરો અને ઉદ્યોગોના આગમન સાથે રૂસો(ફિલોસોફર,૧૭૧૨ - ૧૭૭૮)એ વિચારેલી અને જેફરસને (ત્રીજો અમેરિકન પ્રમુખ, ૧૭૪૩-૧૮૨૬) અમલમાં મૂકેલી લોકશાહીના દિવસો જાણે પૂરા થવામાં હોય તેવું અનુભવાય છે. આરંભમાં અમેરિકામાં રાજકીય લોકશાહી આર્થિક લોકશાહી ઉપર આધારીત હતી. દરેક કુટુંબ જાણે એક આર્થિક આઝાદીમાં જીવતું એકમ હતું, જે પોતાની રોટી -કપડાં -મકાનની જરૂરિયાતો પોતે જ પૂરી કરતું. પ્રજા-સમૂહની વ્યક્તિઓ એકબીજાને સમાન અને સ્વતંત્ર તરીકે જોતી અને આવી સમાન અને સ્વતંત્ર વ્યક્તિઓનો સમૂહ જેફરસન કે એન્ડ્રુ જેકસન જેવા નાસ્તિક કે બળવાખોર નેતાઓને પણ ચૂંટતો. પણ સમયની સાથે સાથે લોકશાહીના આર્થિક આધાર - ખેડે તેની જમીન, મુક્ત હરીફાઈ, સાદાં સાધનો, સાદાં કૌશલ્યો અને આ બધાં સાધનો દ્વારા કુટુંબને મળતું આર્થિક સ્વાવલંબન- અદશ્ય થતાં ગયાં. એની જગ્યાએ આવ્યાં ત્યજાયેલાં ખેતરો, ઉભરાતાં કારખાનાં, ગીચ શહેરો, ઈજારાશાહી અને ઉદ્યોગોના મહાકાય જોડાણો, કેન્દ્રીત નાણાકીય વ્યવસ્થા, કેવળ મોટાં ઉદ્યોગ ગૃહોની જ પહોંચમાં હોય તેવાં મોટાં સાધનો અને ખાસ તો હોંશે હોંશે ગેરમાર્ગે દોરાઈ જાય અને સહેલાઈથી હાથા બની જાય તેવા પ્રજાજનો.

ઉદ્યોગોની સંકુલતા, અમેરિકાનું ભૌગોલિક વિસ્તરણ, પરદેશ સાથેના ગૂંચવાડા ભરેલા સંબંધ, યુદ્ધની શક્યતા, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ રોજ હજારોની સંખ્યામાં ઊભા થતા આર્થિક પ્રશ્નો,- આ બધું લોકશાહીને જાણે-અજાણે અવાસ્તવિક બનાવતું રહ્યું. ખરો વિરોધાભાસ તો એ હતો કે આ પ્રતિનિધિઓ એમની રાજકીય ચતુરાઈને કારણે ચૂંટાયા હતા, નહીં કે તેમના અર્થશાસ્ત્રીય જ્ઞાનને કારણે. આનું પરિણામ એ આવ્યું કે ખરી સત્તા ચૂંટાયેલા બિન-તજ્જ્ઞ પ્રતિનિધિઓને બદલે નિમાયેલા નિષ્ણાતો અને સમિતિઓ પાસે સરી ગઈ. આ બધાને કારણે મતદાનનો સ્વતંત્ર અને સમાન હક એક ભ્રમ બની ગયો અને લોકશાહી મત ભેગા કરનારાં યંત્રો (રાજકારણીઓ) દ્વારા ચલાવાતી શોભીતી પણ અંદરથી ખોખલી રાજ્ય વ્યવસ્થા બની ગઈ, એક એવી વ્યવસ્થા જેમાં રાજકારણીઓ કેવળ મતદારોને રીઝવવા જાતજાતની ભેટ વહેંચતા રહ્યા અને ગુનાહિત સાધનોના ઉપયોગનો પણ આમાં કોઈ છોછ ન રહ્યો. પરિણામે કેવળ ભ્રષ્ટાચારીઓ અને જી-હજુરિયાઓ સિવાયના સૌ કોઈ માટે સત્તા સુધી પહોંચવાનો રસ્તો સદંતર રૂંધાઈ ગયો.

પ્રસંગોપાત ક્યારેક કોઈ રુઝવેલ્ટ આ બધા ગતિરોધને પાર કરીને પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને ચારિત્ર્યના બળે પોતાના દેશની સેવા કરવાની તક સુધી પહોંચે છે, પણ શહેરો અને નગરોમાં હવે આવા અકસ્માતો ભાગ્યે જ બને છે. કેટલાક અપવાદો સિવાય તદ્દન સામાન્ય લોકો દ્વારા ચલાવાતું શાસન છેક ઉપરનાં સત્તામંડળો સુધી ફેલાઈ જવાનું જોખમ હવે આપણી સામે મોં ફાડીને ઊભું છે, જે કદાચ આપણા દેશને પશ્ચિમી દેશોમાં સૌથી બિનકાર્યક્ષમ શાસન ધરાવતો દેશ બનાવી મૂકશે.



આ પ્રકારની લોકશાહીથી હવે આપણને જરાય સંતોષ ન હોવો જોઈએ. આપણે લોકશાહીને આવી નિરાશાજનક બનાવી દેનાર સમૂહના હાથમાંથી છોડાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેવળ જીવનભરની વિશિષ્ટ મહેનત અને તૈયારી દ્વારા જેણે પોતાની આવડત સિદ્ધ કરી હોય તેવી વ્યક્તિઓ માટે જ અગત્યનાં અધિકારીક સ્થાનો ખુલ્લા રાખવાની પદ્ધતિ આપણે શોધવી પડશે. 'લાયક વ્યક્તિને લાયક પદ'ના ઉમરાવશાહી સૈદ્ધાંતિક જમા પાસાને લોકશાહીમાં કેવી રીતે પ્રયોજી શકાય તે શોધવું પડશે. દરેક લાયક સ્ત્રી અથવા પુરુષને સર્વોચ્ચ સ્થાને પહોંચવાની તક મળવી જોઈએ અને લોકશાહીને જ ફરી વ્યાખ્યાયિત કરીએ તો, 'જાહેર સેવા-સ્થાન પ્રાપ્ત કરવાનો બધાને સમાન અધિકાર' એમ નહીં પણ એવાં સ્થાનો માટે 'પોતાની જાતને લાયક બનાવવાનો બધાને સમાન અધિકાર', એવું હોવું જોઈએ.

આ માટે સૌ પ્રથમ શાળાના સ્તરથી લોકશાહીની ઉપરોક્ત વિભાવનાને પૂર્ણ કરવાના પ્રયત્ન કરવા પડશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી માંડીને રાજ્યના શૈક્ષણિક ગુણવત્તા માટે જવાબદાર વિભાગોએ જોવું પડશે કે ક્ષમતા ધરાવનાર દરેક યુવાનને એનું કુટુંબ આ આર્થિક બોજ ઉપાડી શકે તેમ ન હોય તો પણ ઉચ્ચ શિક્ષણ અને તાલીમ મળી રહે. પ્રતિભા ક્યારેય નકામી ન જવી જોઈએ. આ રીતે લોકશાહીનું સૌથી મૂળભૂત સ્વરૂપ 'તકની સમાનતા' સ્થાયી થાય ત્યાર પછી લોકશાહીને અવરોધ્યા વગર જાહેર સત્તાસ્થાન માટેની લાયકાતની સૂચિમાં 'શૈક્ષણિક સજ્જતા'ને ઉમેરી શકાય. અને કેવળ શ્રેષ્ઠતમ સજ્જતા ધરાવનાર જ સર્વોચ્ચ સ્થાને પહોંચે એ નિશ્ચિત કરાય.

હા, આ એક સપનું છે. પ્લેટોથી માંડીને બેકન સુધીના ફિલોસોફરોનું. પણ બીજી ઘણી બાબતો આરંભમાં સ્વપ્ન જ હતી અને હું તમે ને આપણે સૌ સ્વપ્ન બની જઈએ, આપણું અસ્તિત્વ જ નહોય, કદાચ ત્યારે... આ સ્વપ્ન એક હકીકત બની શકે !

(Mentor and world Traveler, ૧૯૨૦માંથી સાભાર)

## ૩. લોકશાહીની ખામી

**અરુણ માઈરા**

માણસજાતે પોતાના વ્યવહારના નિયમન માટે ઘડેલી સંસ્થાઓના ક્રમિક વિકાસની સાથે સાથે જ માનવ સભ્યતા વિકસિત થાય છે. ચૂંટણી આધારિત લોકશાહીની સંસ્થાઓ સદીઓ પછી વિકસી છે. ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને અમેરિકામાં એનાં ધ્યાન ખેંચે તેવાં નવાં સ્વરૂપો પણ જોવા મળે છે. લોકશાહીના આ સ્વરૂપે દુનિયાના અન્ય દેશોને આદર્શ અને નમૂનો પૂરાં પાડયાં છે. લોકશાહીનો દુનિયા આખીમાં પ્રસાર કરવાના હેતુથી આ સ્વરુપોની પાશ્ચાત્ય દેશોએ જોશપૂર્વક નિકાસ પણ કરી છે.

હવે પશ્ચિમમાં શોધાયેલી અને અન્યત્ર ફેલાયેલી આ લોકશાહી વ્યવસ્થા પશ્ચિમમાં જ નિષ્ફળ જઇ રહી છે. ઈકોનોમિસ્ટ નામનું સામયિક પૂછે છે, 'શું પશ્ચિમની લોકશાહી શાસન માટે નબળી થતી જાય છે ? ચૂંટાયેલી સરકારો કાર્યરત તો છે, પણ શક્તિશાળી નથી. યુરોપના ઘણા દેશો સ્થિર સરકાર રચી શકતા નથી કારણકે મોટામાં મોટી પાર્ટી પાસે પણ બહુમતી નથી. ગઠબંધનો અસ્થિર હોય છે અને સંસદો કાયદા પસાર કરી શકતી નથી.'

આ માપદંડો પ્રમાણે ભારતમાં લોકશાહી ઘણી ઉજળી દેખાય છે. કેન્દ્રમાં મજબૂત સરકાર હોવાથી સંસદે હમણાં ઘણા કાયદા પસાર કર્યા છે. ભારત એક મહાન બંધારણ- સંવિધાન- ધરાવે છે. એ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજી શકે છે. એની સંસદે સ્વતંત્રતાથી માંડીને આજ સુધીમાં અનેક સીમાચિહ્ન રૂપી કાયદાઓ ઘડ્યા છે. આમ છતાં, હકીકતે જમીની સ્તરે, અંદરના ભાગના પછાત વિસ્તારોમાં તો ખાસ, શાસન અને લોકશાહી વ્યવસ્થાની નિષ્ફળતા ઊડીને આંખે વળગે છે.

લોકશાહી રાજ્યવ્યવસ્થા માટે સંસ્થાઓનું એક માળખું જરૂરી હોય છે. કેટલીક સંસ્થાઓ સ્તંભ સમાન યા આધારરૂપ હોય છે, તો કેટલીક બીજી સંસ્થાઓ લોકશાહી માળખાને સિમેન્ટની જેમ બાંધીને મજબૂતાઇ અને સ્થિરતા પ્રદાન કરે છે. લોકશાહીના સામાન્ય લોકલક્ષી વિચારમાં, વિધાનસભ્યો કે સાંસદોને ચૂંટવા માટે જરૂરી એવી ચૂંટણી પંચ જેવી સ્તંભરૂપ સંસ્થાઓ તરફ વધુ ધ્યાન અપાય છે. પરંતુ લોકોમાં સંવાદિતા સ્થાપિત કરવા માટે જરૂરી એવી સહયોગી સંસ્થાઓ તરફ ખાસ ધ્યાન અપાતું નથી.

લોકો મતદાનના હક, ચૂંટણીઓ અને ચૂંટણી જીતવા માટે એકબીજા સામે લડતા પક્ષો દ્વારા બહુમતી કોની છે અને કોની પાસે રાજ ચલાવવાનો હક છે તે નક્કી કરી શકે છે, પણ આવી બહુમતી આધારિત લોકશાહીની એક સમસ્યા એ છે કે આવી લોકશાહીમાં અનેક મતમતાંતર ધરાવતા ગૂંચવાડા ભરેલા પ્રશ્નોના ઉકેલ માટે કોઈ રૂપરેખા હોતી નથી. આવી અવસ્થામાં કોઈપણ બહુમતી ધરાવતી, ખાસ કરીને મોટી બહુમતી ધરાવતી સરકાર સરમુખત્યારશાહી જેટલી જ આપખુદ બની શકે છે. કાયદાના ઘડતર વખતે અથવા સંકુલ પ્રશ્નોના નિરાકરણ વખતે લઘુમતીઓના વિચારોને લક્ષ્યમાં લેવાના તેમના અધિકારને આવી વ્યવસ્થા નકારી શકે છે. લોકોએ એક વાર મત આપી દીધો એટલે પત્યું, હવે તેમણે સત્તા પરની સરકાર ઉપર જ બધું છોડી દેવું જોઈએ એવું આવી વ્યવસ્થામાં મનાવાતું થઈ જાય છે. એટલે બહુમતીથી ચૂંટાયેલી સરકાર લઘુમતીને નગણ્ય બનાવી દેવાની વાતને પણ વ્યાજબી ઠેરવી શકે છે.

જો કે પોતાને મત ન આપનારા લોકોના અભિપ્રાયની અવગણના કરવા દ્વારા કોઈપણ સરકાર તેની પોતાની જ અસરકારકતા ઘટાડે છે. સરકારના નિર્ણયથી અસંતોષ પામનારા ન્યાયિક અદાલતોમાં જાય છે, જેમકે ભારતમાં, જ્યાં અદાલત સ્વતંત્ર છે



પરંતુ અદાલતો અટપટા પ્રશ્નોના નીતિવિષયક સમાધાન માટે હોતી નથી. એમણે તો કેવળ કાગળ પરના કાયદાનું અર્થઘટન કરવાનું હોય છે. ભારતમાં ઘણાં એવી ફરિયાદ કરે છે કે અદાલતો શાસકીય બાબતોમાં માથું મારતી થઈ ગઈ છે, જે તેમના કાર્યક્ષેત્રની બહાર છે. ભારતની લોકશાહીમાં ઘણું ખૂટે છે એની આ નિશાની છે.

જ્યારે સમસ્યાઓ અટપટી અને ગૂંચવાડાભરી હોય ત્યારે સુશાસન માટે લોકભાગીદારીની અસરકારક પદ્ધતિઓ જરૂરી બને છે. કેટલાક દેશોમાં ઉપયોગમાં લેવાતો- સમગ્ર મતદાર મંડળનો મત-જનમત સંગ્રહ (referendum) સારી લોકશાહીનો કેવળ એક આભાસ ઊભો કરી શકે છે; જાણે કે મતદારોને પૂછવામાં આવ્યું છે ! હકીકતમાં, મુદ્દાના બંને પક્ષના રાજકારણીઓ લોકોની નાજુક લાગણીઓને અપીલ કરીને કે ઉશ્કેરીને એમને પોતાની બાજુ ખેંચવા માટે લોક-લુભાવન પ્રચાર ઝુંબેશો ચલાવે છે. ખરેખર તો જ્યારે પ્રશ્નો અટપટા હોય ત્યારે મતદારોને જાગૃત અને વિચારવા માટે સક્ષમ બનાવવાના હોય. આવું ન બનતાં જ્યારે પાતળી બહુમતી દ્વારા જનમત સંગ્રહનો નિર્ણય થાય છે, જેમ બ્રેક્સિટમાં થયું તેમ, ત્યારે referendum પોતે જ બહુમતવાદી લોકશાહીનો એક દાખલો બની જાય છે. એના દ્વારા યોગ્ય સમાધાન તો દૂર રહી જાય છે !

તંદુરસ્ત લોકશાહી માટે સંસ્થાઓના ત્રણ ક્રિયાશીલ સ્તર જરૂરી છે. આમાં સૌથી તળિયે, પાયામાં છે નાગરિક અવકાશ (public space) અને માધ્યમો, જ્યાં પોતાનો મત પ્રદર્શિત કરવા ઇચ્છતા સૌ કોઈ બેરોકટોક તેમ કરી શકે અને સૌથી ઉપરનું સ્તર છે સંવૈધાનિક સંસ્થાઓનું, સંસદ, ન્યાયતંત્ર વગેરે. સોશિયલ મીડિયાએ નાગરિક અવકાશમાં જબરદસ્ત વધારો કર્યો છે. ઘણા વધુ લોકો પોતાનો મત પ્રદર્શિત કરતા થયા છે અને ઘણા પ્રશ્નો ઉઠાવતા થયા છે. સોશિયલ મીડિયા વિચારોની અભિવ્યક્તિ માટે એક સારો મંચ જરૂર પૂરો પાડે છે પણ કોઈ તારતમ્ય, નિષ્કર્ષ કે દિશા નક્કી કરવા માટે દેખીતી રીતે જ તે તદ્દન નકામું છે. બલ્કે આથી ઉલ્ટું, વિઘટન કે ભાગલાની દીવાલોને તે વધુ ઊંચી અને મજબૂત બનાવે છે. એટલે વધુ ને વધુ પ્રશ્નો ઉપરના સ્તરની સંવૈધાનિક સંસ્થાઓ સામે ઠલવાતા જાય છે. તેમના પરનું ભારણ વધતું જાય છે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસેથી પણ જ્યારે તેઓ કેવળ તેમના મતદારમંડળની ઈચ્છા મુજબ અને વધારામાં પક્ષના આદેશ મુજબ પંચાયત, વિધાનસભા અને સંસદમાં મત આપે તેવી આશા રખાતી હોય ત્યારે સ્વાભાવિક છે કે તેઓ બીજા બાકીના લોકોના અભિપ્રાયને સાંભળવાની દરકાર ન કરે. એટલે આવી સંવૈધાનિક સંસ્થાઓ પણ તેમની પાસેથી આશા રખાય તેવા સમગ્ર હિતને અગ્રતા આપતા નિર્ણય લેવામાં કાચી પૂરવાર થાય. બલ્કે સ્વસ્થ લોકશાહીમાં તેમનો અપેક્ષિત રોલ નિભાવી ન શકે.

હવે આ સ્થિતિમાં જ્યારે લોકશાહી રાજ્યવ્યવસ્થામાં કેટલાક મુદ્દા પરત્વે ચક્કાજામ જેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે સરકારોને પેલા તળિયાના સ્તરના નાગરિક

અવકાશને રુંધવાની અથવા તો ઉપરના સ્તરની સંવૈધાનિક સંસ્થાઓના માધ્યમ દ્વારા પોતાના બહુમતવાદી નિર્ણય લાદવાની લાલચ થાય. એવો ભય છે કે ભારત આ રસ્તે જઈ રહ્યું છે, જે સરકારોને તો મજબૂત બનાવે પણ લોકશાહીને નબળી બનાવે. 'મહત્તમ સરકાર અને લઘુત્તમ શાસન'નો કદાચ આ રસ્તો છે.

દુનિયાભરની રાજકીય લોકશાહીઓમાં રાજકીય મધ્યમ માર્ગ ભૂંસાતો જાય છે. લોકોને પરિવર્તન જોઈએ છે. મૂળગામી, ઉદ્દામવાદી, ડાબેરી અને જમણેરી વિચારધારાઓ ધરાવતા પક્ષોને આધાર મળતો જાય છે. આ સ્થિતિમાં શાસન અને લોકશાહી બંનેને એક સાથે મજબૂત કરવા માટેનો ઈલાજ એ છે કે લોકશાહી વ્યવસ્થામાં સંસ્થાઓનું એવું મધ્યમ સ્તર તૈયાર કરવામાં આવે જે તદ્દન મુક્ત નાગરિક અવકાશ અને માળખાગત શાસકીય સંસ્થાઓની વચ્ચે વિકસે અને કામ કરે. આવી સંસ્થાઓમાં વિભિન્ન મત ધરાવતા લોકો પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરે. પ્રશ્નોને સમગ્રતામાં -જેનો તેઓ પોતે પણ એક હિસ્સો છે- તેમાં સમજે. અત્યારે ન તો ચૂંટાયેલી સંવૈધાનિક સંસ્થાઓ - સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભાઓ કે સંસદ - આવો અવકાશ પૂરો પાડે છે, ન તો માધ્યમો કે સોશિયલ મીડિયા. કમનસીબે કેટલાક બૌદ્ધિકો પણ વૈચારિક અને પક્ષીય ધારાઓમાં વહેંચાયેલા જ માલૂમ પડે છે.

એટલે ભારત માટે જરૂરી છે આપણે ભારતવાસીઓ મધ્યમ સ્તરે આવી બિનસરકારી અથવા અર્ધસરકારી સંસ્થાઓ વિકસાવીએ જ્યાં નિસ્બત ધરાવતા નાગરિકોને બિનપક્ષીય રીતે તંદુરસ્ત વિમર્શ માટેની તક મળી રહે. સરકાર આવી સંસ્થાઓ બને અને કાર્યરત થાય તે માટે વધુ અવકાશ અને ટેકો પૂરો પાડે. આજે જ્યારે વિશ્વભરમાં લોકશાહી સંસ્થાઓની લોકોને સુશાસનના લાભ પહોંચાડવાની ક્ષમતા બાબત નિરાશા પ્રવર્તે છે ત્યારે આ નવો વિચાર લોકશાહીની ઉત્ક્રાંતિના ઈતિહાસમાં ભારતનું એક અમૂલ્ય પ્રદાન બની રહેવું જોઈએ .

( ધ હિન્દુ-૨૯/૮/૨૦૧૯)

## ૪. નબળી પડતી જતી પ્રાતિનિધિક લોકશાહી

**જ્યોર્જ સોટો**

છેલ્લાં બે વર્ષમાં દુનિયાના ઘણા દેશોમાં વિરોધ પ્રદર્શનોનું છાપાની હેડલાઈનોમાં બાહુલ્ય રહ્યું છે યુરોઝોન કટોકટી પછી ગ્રીસ અને સ્પેનમાં અજંપો જોવામાં આવ્યો છે. યુક્રેનના લોકોએ સેન્ટ્રલ ટીવી ઉપર કબજો જમાવ્યો હતો. આરબ સ્પ્રિંગના આંદોલનની અસરમાંથી નોર્થ આફ્રિકાથી મધ્યપૂર્વ સુધીના દેશોમાંથી ભાગ્યે જ કોઈ દેશ મુક્ત રહી શક્યો હતો. લોકશાહીની ક્ષતિઓ કે



અપૂર્ણતાઓ સામે વિરોધના અવાજને સબળ બનાવીને એકજૂટ કરવામાં આજના ઈલેક્ટ્રોનિક યુગના નાગરિકો પોતાને વધુ સક્ષમ અનુભવતા થયા છે. આવાં મોટાં વિરોધ પ્રદર્શનનો છેલ્લો અનુભવ હોંગકોંગને થયેલો છે. ગ્લોબલ એજન્ડા સર્વે મુજબ અન્ય પ્રદેશો કરતાં લેટિન અમેરિકામાં આવી તરાહનું દેખાવું એ આગવું મહત્વ ધરાવે છે. બ્રાઝિલમાં આ સારી રીતે જોવા મળ્યું જેણે ૨૦૧૪ના ઉનાળામાં મોટી ઉથલપાથલ જોઈ. લોકોએ ત્યાં આવકની અસમાનતા અને ૨૦૧૬ની ઓલમ્પિક રમતો તથા ફૂટબોલ વર્લ્ડ કપ માટે થનાર જાહેર ખર્ચનો જોરશોરથી વિરોધ કર્યો.

જોકે શાસનતંત્ર વધુ લોકતાંત્રિક રીતે પોતાની ગતિવિધિઓ ચલાવી શકે તે માટેની માળખાકીય વ્યવસ્થાઓ તો પહેલાં કરતાં વધુ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ દુનિયાભરમાં નાગરિકો અને ચૂંટાયેલા ઉમેદવારો - જે તેઓનું કહેવાતું પ્રતિનિધિત્વ કરે છે - વચ્ચેનો મૂળભૂત સંબંધ તો કપાયેલો જ અનુભવાય છે. ઈન્ટરનેટના કારણે જનતા સમાન મૂલ્યો અને સમાન આશંકાઓ ધરાવનાર સમૂહોને જલ્દી ઓળખી શકે છે, તેમની સાથે વિચારોની આપ-લે કરી શકે છે અને પહેલાં કરતાં વધુ ઝડપે ઠોસ સંબંધોનું નિર્માણ કરી શકે છે. પરંતુ કમનસીબે આપણી સરકારો આનો હિસ્સો ક્યારેય બનતી નથી. આપણી પાસે ૧૯મી સદીની સંસ્થાઓ છે, જે ૨૦મી સદીની માનસિકતા ધરાવે છે અને આવી સંસ્થાઓ ૨૧મી સદીના નાગરિકો સાથે સંબંધોનો નાતો સાધવાનો પ્રયત્ન કરે છે. આપણી સરકારો ચૂંટાય છે, બરખાસ્ત થાય છે અને ફરી ચૂંટાય છે, પણ જાણે એક ટૂંકાગાળાના એજન્ડા માટે. પરંતુ નાગરિકો સાથે વિશ્વાસના અને સહયોગના પ્રયાસો લાંબાગાળાના પ્રયત્નો અને નિષ્ઠાનું રોકાણ માંગે છે. આવી સ્થિતિમાં લોકો લોકતાંત્રિક વ્યવસ્થાને જ તૂટી પડેલી અનુભવે એમાં કોઈ આશ્ચર્ય નથી.

મને સ્પષ્ટ લાગે છે કે રાજકારણની જૂની રસમો હવે જરૂરથી બદલાશે પણ પ્રાતિનિધિક લોકશાહી પોતે નહીં બદલાય. એ બદલાવી પણ ન જોઈએ. ઓનલાઈન દુનિયા ગમે તેટલી મજબૂત હોય પણ સોશિયલ મીડિયા ઉપર દેખાતું લોકશાહી માળખું, જેમાં ગમે તે વ્યક્તિ ગમે ત્યારે તાત્કાલિક પોતાના અભિપ્રાય વ્યક્ત કરી શકે અને ચર્ચી શકે, એ તો કેવળ અરાજકતા તરફ જ દોરી જાય.

આને બદલે પ્રાતિનિધિક લોકશાહીએ પોતે આધુનિક બનવું જોઈએ અને નાગરિકોને નિર્ણય પ્રક્રિયામાં વધુને વધુ પ્રમાણમાં સહભાગીદાર બનાવવા જોઈએ. સરકારોએ પોતે કેવળ સમસ્યાઓના નિરાકરણ માટે છે તે રીતે જોવાને બદલે પોતાનું સ્થાન એવી રીતે કંડારવુ જોઈએ કે તે સમાજને કનડતા પ્રશ્નોને સહભાગીદારી દ્વારા યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપી શકે. આવા પ્રશ્નોનો ઉકેલ પ્રજાકીય પ્રયત્નો અને નિષ્ણાતો દ્વારા લાવી શકાય એવું વાતાવરણ નિર્માણ કરવાનો પ્રયાસ સરકાર કરે.

આ માટે જરૂરી આધાર-માહિતી, નીતિ-નિયમો અને નાણાકીય સહાય આવા અભિક્રમોને મળી રહે તેવી વ્યવસ્થા સરકાર કરે. આપણા પ્રતિનિધિઓ જો આટલું કરી શકે તો તેઓ પ્રજાનો વિશ્વાસ ફરી સંપાદન કરશે અને એમના પર લાગતું મહેણું દૂર થશે કે 'અસરકારક રીતે કંઈ જ બદલાતું નથી.'

શરૂઆતમાં આપણી સરકારોએ લોકોના સમૂહને એક વ્યક્તિ ગણીને ચાલવું જોઈએ અને એમની સાથે સૌથી યોગ્ય માધ્યમ દ્વારા વાતચીત ચલાવવી જોઈએ. સોશિયલ મીડિયા આવું માધ્યમ ન હોઈ શકે, ખાસ કરીને ત્યારે, જ્યારે રાજ્ય જેવી પરંપરાવાદી સંસ્થા દ્વારા તે વાપરવામાં આવ્યું હોય. કારણ કે આવા પ્રયત્નોમાં સંદેશ (message)નું પ્રસારણ અને હકીકતમાં સ્થાનિક સ્તરે બનતા બનાવો વચ્ચે કોઈ તાલમેલ ન જળવાય એવી શક્યતા હોય છે. છતાં ટેકનોલોજીમાં એ શક્યતા રહેલી છે કે તે લોકોને પોતાની વાત સાંભળવામાં આવે છે એવો અહેસાસ કે વિશ્વાસ જરૂર કરાવી શકે. સરકાર આ માટે જરૂરી ટેક્નિકલ પદ્ધતિઓ વિકસાવે. ટેકનોલોજી દ્વારા લોકતાંત્રિક પ્રક્રિયાઓ જેવી કે ઇ-વોટીંગ, ઈ-આવેદન કે ઇ-સર્વે જરૂર વધુ સારી રીતે અમલમાં મૂકી શકાય.

સૌથી વધુ તો આપણા નેતાઓએ ટેકનોલોજી અને એના સમુચિત શાસ્ત્રીય સ્વરૂપનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. આવા ઉપયોગ દ્વારા નાગરિકોને સ્વપુરુષાર્થ માટે પ્રોત્સાહિત કરતાં પરિબળો, તેમની આશંકાઓ અને ચાલનાઓને નેતાઓ યોગ્ય રીતે સમજે અને ત્યારપછી તેમના દ્વારા જે તે પ્રશ્નો માટે વિચારાતી નીતિઓ કેવી રીતે એનું સમાધાન લાવી શકે તેમ છે તેને લોકો સુધી પહોંચાડીને સ્પષ્ટ કરી શકે. જ્યારે સરકાર પોતે દરેક નીતિ, પ્રક્રિયા કે કાર્યક્રમનું કેન્દ્ર-બિંદુ બનવાનું છોડશે અને જ્યારે લોકોને લાગશે કે તેઓ પોતે જ 'પ્રોબ્લેમ સોલ્વર' છે ત્યારે જ પરિવર્તન આવશે.

હું આશાવાદી છું અને માનું છું કે જે આપણે અત્યારે જોઈ-અનુભવી રહ્યા છીએ તે લોકશાહીનાં મૃત્યુચિહ્નો નથી, બલ્કે પ્રાતિનિધિક લોકશાહીને સમય પ્રમાણે નવા સ્વરૂપમાં ઢાળવાની તાતી આવશ્યકતાના ચિહ્ન સમાન છે.

- વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ગ્લોબલ એજન્ડા ૨૦૧૫ના રિપોર્ટ પર આધારિત

(રિપોર્ટ બાય જોર્જ સોટો, મેમ્બર, ગ્લોબલ એજન્ડા કાઉન્સિલ)

**ખાસ નોંધ**

**તમે મંગાવેલ પુસ્તકો અથવા અંક ન મળ્યાની ફરિયાદનું નિવારણ અઠવાડિયામાં બે દિવસ થાય છે. આથી એટલો સમય ગણીને ચાલવું.**





## ૧. જાયેં તો જાયેં કહાં!!

**હરેશ ધોળકિયા**

આજે સમગ્ર વિશ્વમાં રાજકીય વ્યવસ્થા તરીકે લોકશાહીનો મહિમા ગવાય છે. બધી જ વ્યવસ્થાઓમાં લોકશાહી ઉત્તમ મનાય છે અને આજે પણ માત્ર તેમાં જ લોકોનો અવાજ સંભળાય છે. તેમાં જ લોકોને હક હોય છે. તેમાં લોકો સ્વતંત્ર રહી શકે છે.

પણ આ લોકશાહીનું જતન કરવું પડે છે. ઘણીવાર એવા સત્તાધારીઓ આવી જતા હોય છે જેમને લોકોને સ્વતંત્રતા આપવી ગમતી નથી. લોકો તેમને સવાલો પૂછે કે તેમનો વિરોધ કરે તે જરા પણ ગમતું નથી. એટલે તેઓ વિકૃત રાજકારણ રમી લોકોને દબાવવાનો, તેમના પર નિયંત્રણ રાખવાનો પ્રયાસ કરે છે. ક્યારેક લોકો દબાઈ જતા હોય છે. પણ હવે ધીમે ધીમે દેશોમાં જાગૃતિ આવતી જાય છે અને લોકો સ્વતંત્રતાનું મૂલ્ય સમજવા લાગ્યા છે. તેમને આવા સત્તાધીશોના રાજકારણનો ખ્યાલ આવી જાય છે. તેઓ જાણે છે કે નેતાઓ રાજકારણ રમી લોકોમાં ભાગલા પડાવવાનો પ્રયાસ કરે છે અને મતનું રાજકારણ રમે છે.

અત્યારે આ મુદ્દો નથી, પણ આ રાજકારણ શું છે તે સમજાવવાની જરૂર છે. સમગ્ર દુનિયાને આ રાજકારણ હેરાન કરે છે. એટલે વિશ્વના સાચા વિચારકોએ આ રાજકારણ બાબતે કટાક્ષો કર્યા છે, તો ક્યારેક લોકોને જાગૃત કરવાનો પ્રયાસ પણ કર્યો છે.

લોકશાહીની જનની છે ઈંગ્લેંડ. લોકશાહીનો વ્યવસ્થિત પ્રયોગ પહેલાં તેણે કર્યો છે. એટલે ત્યાંના વિચારકો શું કહે છે તેના પર વધારે ધ્યાન આપવું પડે. લોકશાહીમાં સત્તા પર આવ્યા પછી સત્તાધારી, મોટે ભાગે, ભ્રષ્ટાચારી થવાનો બહુ સંભવ રહે છે. વિશ્વમાં આના હજારો કિસ્સાઓ બન્યા છે અને આજે પણ બને છે. સત્તા મળી કે આ ભ્રષ્ટાચાર શરૂ થઈ જાય છે. પછી તે સત્તાનો ભ્રષ્ટાચાર હોય કે પૈસાનો. ઈંગ્લેંડના એક રાજનીતિજ્ઞ લોર્ડ એક્ટને વર્ષો પહેલાં આ બાબતને સમજાવતાં કહ્યું છે કે: "સત્તા ભ્રષ્ટાચાર તરફ દોરે છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ ભ્રષ્ટાચાર તરફ દોરે છે." દુનિયાના ગમે તે દેશમાં મહદ અંશે આ વાત સાચી પડતી જોવા મળે છે. લોકશાહી દેશોમાં પણ સત્તાધીશો વિવિધ રીતે ભ્રષ્ટાચાર કરે છે. તો સરમુખત્યારો તો પુષ્કળ ભ્રષ્ટાચાર કરે છે, કારણકે તેમને તો કોઈ પૂછનાર જ નથી હોતું. આ વાત આજે પણ સાચી છે. એટલે કોઈ રાજકારણી એવો દાવો કરે કે તે ભ્રષ્ટાચાર દૂર કરશે, તો જોરથી હસવું. ભ્રષ્ટાચારનું મૂળ જ તે હોય છે.

બર્નાડ બારુચ કહે છે કે, "જે વ્યક્તિ ઓછાં વચનો આપે તેને જ ચૂંટજો, કારણકે તેનાથી ઓછી નિરાશા આવશે." ચૂંટણી ટાણે અનેક વચનો અપાતાં હોય છે. ચન્દ્ર આપવા સહિતનાં. ચૂંટાયા પછી બધા ભૂલી જતા હોય છે. તો લોરેન્સ પીટર એક

બીજી વાત હસતાં હસતાં કહે છે કે, ‘‘રાજકારણીઓ અનેક ધંધા કરે છે, પછી નકારે છે. ત્યારે લોકોને કઈ વાત માનવી તે ખબર નથી પડતી.’’ પણ પીટર કહે છે, ‘‘જ્યાં સુધી ઓફિશિયલી વાતને નકારાય નહીં ત્યાં સુધી કોઈ વાત માનતા નહીં.’’

આ સંદર્ભમાં લોકશાહીની પણ મજાક ઉડાવાઈ છે. ટોમ સ્ટોપાર્ડ કહે છે કે, ‘‘લોકશાહીમાં મતદાન મહત્વનું નથી, ગણતરી મહત્વની છે.’’ તો લોરેન્સ પીટર કહે છે, ‘‘લોકશાહી એક એવી પ્રક્રિયા છે જેમાં લોકો એવા માણસને ચૂંટવા મુક્ત છે જેને દોષિત માની શકાય.’’ અર્ટ સ્પાન્ડર કહે છે, ‘‘લોક્શાહીમાં મહત્વની બાબત એ છે કે તે દરેક મતદારને કશીક મુર્ખાઈ કરવાની તક આપે છે.’’ જ્યોર્જ બર્નાડ શો કટાક્ષ કરતાં કહે છે, ’’લોકશાહી એક એવી યુક્તિ છે, જે ખાતરી આપે છે કે આપણા પર આપણી લાયકાત કરતાં વધારે સારા લોકો વહીવટ નહીં કરી શકે.’’ ફ્રાન્સના એક વખતના પ્રમુખ એવા ચાર્લ્સ દગોલ કહે છે, ‘‘આમ તો રાજકારણી પોતે જે બોલે છે તેને પોતે પણ નથી માનતો, એટલે તેના શબ્દો કોઈ માની લે તો તેને પણ નવાઈ લાગે છે.’’ ગોરે વાઈડલ લખે છે, ‘‘લોકશાહી એવું સ્થળ છે જ્યાં કોઈ પણ મુદ્દા વિના અને અરસપરસ બદલાવી શકાય તેવા (પાટલી બદલુ) ઉમેદવારો સાથે અનેક મોંઘી ચૂંટણી લડાતી રહે છે.’’

વીલ ડુરાં કહે છે, ‘‘ઈતિહાસનો એક પાઠ એ છે કે ક્યારે પણ કશું ઉત્તમ નથી કરાતું અને હંમેશા ચતુરાઈભરી વાતો જ થતી રહે છે.’’ રાજકારણી કેવા રંગ કરે છે? દગોલ કહે છે, ‘‘શેઠ બનવા માટે રાજકારણી સેવક હોવાનો દાવો કરતો રહે છે.’’

ગેલબ્રેથ ભયંકર વાત કહે છે, ‘‘રાજકારણ કંઈ શક્યતાની કળા નથી. તે તો વિનાશક અને અપ્રિય વચ્ચેની પસંદગી છે.’’ એટલે બુદ્ધિશાળી માણસને ચેતવતાં હાર્ડી કહે છે, ‘‘બુદ્ધિશાળી માણસે બહુમતીમાં રહેવામાં સમય બગાડવાની જરૂર નથી. તેમાં પૂરતા માણસો રહેવા તૈયાર છે.’’ ચર્ચીલ રાજકારણીની એક ખાસિયત બતાવતા કહે છે, ‘‘રાજકારણી પાસે બે ક્ષમતા હોવી જરૂરી છે. એક, તે આવતીકાલે, આવતા અઠવાડિયે, આવતે મહિને અને આવતે વર્ષે શું થશે તે ભાવિ ભાખી શકે અને બીજું, પછી એમ કેમ ન બન્યું તે પણ સમજાવી શકે.’’ લોર્ડ એકટન ચેતવતાં કહે છે, ‘‘ભય એ નથી કે કોઈ એક ચોક્કસ વર્ગ રાજ કરવા અક્ષમ છે. સત્ય તો એ છે કે બધા જ વર્ગો રાજ કરવા માટે અક્ષમ છે.’’ તો રશિયાના એક સમયના વડા પ્રધાન કૃશ્ચેવ કહે છે, ‘‘દુનિયામાં રાજકારણીઓ બધે જ સરખા હોય છે. તેઓ જ્યાં નદી જ નથી ત્યાં પુલ બાંધવાનાં વચનો આપે છે.’’ રાજકારણની એક ભયંકર બાબતનું સત્ય બતાવતાં વીલી બ્રાઉન કહે છે, ‘‘રાજકારણમાં જે અસત્યનો જવાબ ન અપાય તે ચોવીસ કલાકમાં સત્ય બની જાય છે.’’

લોકશાહી ક્યારે સફળ બની શકે? તેનો વિચિત્ર પણ સાચો જવાબ આપતાં મોડ બાર્લો કહે છે, ‘‘જો તમે જાણવા માગતા હો કે આ દેશમાં પરિવર્તન કોણ લાવશે, તો ઘેર જઈને અરીસામાં જુઓ.’’ આનું વિરોધી લાગે તેવું વાક્ય વોલ્ટ



લીપમેન લખે છે, ‘‘જ્યારે બધા લોકો સરખી રીતે વિચારે છે, તેનો અર્થ એ છે કે કોઈ વિચારતું નથી.’’ એ જ સંદર્ભમાં કટાક્ષ કરતાં એક રાજકારણી એવર્ટ ડીર્કસન કહે છે, ‘‘મારા સિદ્ધાંતો નિશ્ચિત અને ક્યારેય ન વળે તેવા છે. તેમાં પહેલો સિદ્ધાંત એ છે કે હંમેશા બદલાતા રહેવું.’’ તો નેપોલિયન કહે છે, ‘‘રાજકારણમાં મૂર્ખતા એ કંઈ મર્યાદા નથી.’’ તો રાજકારણ વિષે ભયંકર કટાક્ષ કરતાં અને હસતાં હસતાં અર્નેસ્ટ બેન કહે છે, ‘‘રાજકારણ એટલે હંમેશા ઉપાધિ શોધવી, પછી તે હોય કે ના હોય, છતાં શોધી કાઢવી, પછી તેનું ખોટું નિદાન કરવું અને તેનો તદ્દન જૂઠો ઉપાય શોધવો.’’ રોબર્ટ વિલિયમ રાજકારણનો અર્થ સમજાવતાં તેની ભયંકરતા દર્શાવે છે, ‘‘અંગ્રેજીમાં રાજકારણને ‘પોલીટીક્સ’ કહે છે. આ શબ્દની વ્યુત્પતિ કરતાં કહે છે , ‘પોલી’નો અર્થ થાય છે ‘ઘણા’, અને ‘ટીક્સ’નો અર્થ થાય છે ‘લોહી ચૂસતાં પ્રાણીઓ’. એટલે જ ફ્રેંક ડેન કહે છે, ‘‘તમે બધા જ મૂર્ખોને તમારા પક્ષે લઈ લો, તમે ગમે ત્યાં ચૂંટાઈ જવાના.’’ ઈસપ પણ કહે છે, ‘‘આપણે સામાન્ય ચોરોને ફાંસીએ ચડાવીએ છીએ અને મહાન ચોરોને જાહેર વહીવટમાં નીમીએ છીએ.’’ તેને બીજી રીતે સમજાવતાં જ્યોર્જ બર્ન્સ કહે છે, ‘‘એ ભારે ખરાબ બાબત છે કે જેઓ ખરેખર દેશ ચલાવતાં જાણે છે, તેઓ ટેક્સી ચલાવવામાં અને વાળ કાપવામાં વ્યસ્ત છે.’’

પણ અંત ગંભીરતાથી લાવીએ. લોકોએ જ જાગૃત થવાનું છે, એ જ પાયાની વાત છે લોકશાહીની સફળતાની. તે બાબતે ચેતવતાં હાર્પર લી કહે છે, ‘‘બહુમતને એક જ બાબત વશ નથી થતી. તે છે વ્યક્તિનો અંતરાત્મા.’’ તો ગ્રંટર ગ્રાસ કહે છે, ‘‘લોકશાહીમાં નાગરિકનું એક જ કામ છે — મોં ખુલ્લું રાખવું.’’ નાગરિકને જ મહત્વ આપતાં લુઈ બ્રાન્ડિસ કહે છે, ‘‘જગતમાં પૂરતા ગુસ્સાની જરૂર છે. જગતમાં વારંવાર દુષ્ટતા ચાલુ રહે છે કારણકે અહીં પૂરતો ગુસ્સો નથી.’’ તો આલ્બેર કામુ પણ કહે છે, ‘‘બળવાખોર કોણ છે? જે ‘ના’ કહી શકે છે તે.’’

આવા તો સેંકડો હજારો વિચારો ચિંતકો રાજકારણીઓ કે લોકશાહી વિષે લખ્યા કરે છે. હકીકતે તે તેમના પરનો ગુસ્સો છે. તેઓ ગુસ્સાને કટાક્ષમાં ફેરવી નાખે છે. હતાશ ન થવું હોય તો તેઓ બીજું શું કરી શકે? હકીકતે લોકશાહી હોય કે સામ્યવાદ — બન્ને સરખા છે — રાજકારણીઓને કારણે. એટલે જ સામ્યવાદની અને મૂડીવાદની વ્યાખ્યા આપતાં ડેનીયલ બેલ કહે છે, ‘‘મૂડીવાદમાં માણસ માણસનું શોષણ કરે છે, તો સામ્યવાદમાં તેનાથી ઊંધું થાય છે.’’ આરેન્ડટ કહે છે, ‘‘ગમે તેવો તીવ્ર બળવાખોર હોય, તે પણ ક્રાંતિ પૂરી થશે કે રૂઢિચૂસ્ત બની જશે.’’

તો મહિલા રાજકારણીઓ કેમ વધારે નથી, તેના જવાબમાં મોરીન મર્ફી કહે છે, ‘‘ઓછાં મહિલા રાજકારણીઓ હોવાનું કારણ એ છે કે બે ચહેરા પર મેક અપ કરવો મૂશ્કેલ પડે છે.’’

હસો, હસો, બીજું તો કંઈ નહી થઈ શકે.

(સંપર્ક : ફોનં. : ૨૮૩૨-૨૨૭૯૪૬)

# ૨. લોકશાહી વિશે

**અસીમ ચંદાવરકર**

ડેમોક્રસી શબ્દ બે ગ્રીક શબ્દોમાંથી ઉતરી આવે છે. ડેમોસ એટલે (people) લોકો અને ક્રેટોસ એટલે શાસન. અર્થાત્, લોકશાહી એટલે શાસનની એવી વ્યવસ્થા કે જેમાં લોકો પાસે પોતાના શાસકને પસંદ કરવાનો અધિકાર હોય. 'લોકા'માં કોનો કોનો સમાવેશ થાય અને અધિકારોની ભાગીદારીની પદ્ધતિ કેવી હોય એ વિચાર પણ સમય સાથે અને દેશે - દેશે જુદી ગતિથી બદલાતો ગયો છે. પરંતુ 'લોકો'માં વધુ ને વધુ સ્થાનિક રહેવાસીઓનો સમાવેશ થતો ગયો છે અને શાસન વ્યવસ્થાના માળખામાં વ્યક્તિની સ્વતંત્રતા, સમાનતા, જીવનનો હક અને લઘુમતીના હકની જાળવણી વગેરે મુખ્ય પાયારૂપ તત્વ રહ્યાં છે.

અત્યારે દુનિયાની અડધાથી થોડી વધુ વસ્તી લોકશાહી શાસન વ્યવસ્થા નીચે જીવે છે. ભારત અને અમેરિકા દુનિયાની સૌથી મોટી લોકશાહીઓ છે. એ નોંધવું જોઈએ કે ભારતે સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યો છે જ્યારે અમેરિકાએ પ્રમુખીય લોકશાહીનો. સંસદીય લોકશાહીમાં મતદારો સંસદસભ્યોને ચૂંટે છે જેમાંથી સંસદ રચાય છે અને તેમાં બહુમતી ધરાવતા પક્ષના સાંસદો પોતાના નેતાની વરણી કરે છે, જે દેશનો વડાપ્રધાન બને છે અને સરકાર બનાવીને દેશનું શાસન ચલાવે છે. પ્રમુખીય લોકશાહીમાં મતદારો દેશના વડા(પ્રમુખ)ને અને સંસદના સભ્યોને એકબીજાથી સ્વતંત્ર રીતે ચૂંટે છે. સંસદીય લોકશાહીમાં સરકારો શાસન માટે અને કાયદા પસાર કરવા માટે કાયદેસર પણ અનૈતિક એવા જાતજાતના રસ્તાઓ અજમાવી શકે છે અને ઘણીવાર આંતરિક નિયમન અને સંતુલનની સંવૈધાનિક વ્યવસ્થાઓ(Checks and balances system)ને ખોખલી કરી મૂકે છે.

ભારતની વાત કરીએ તો ભારતમાં તો સંવિધાન શાસક પક્ષને પોતાના નેતા તરીકે એટલે દેશના વડાપ્રધાન તરીકે એવી વ્યક્તિને પસંદ કરવાની પણ અનુમતિ આપે છે કે જેણે મુખ્ય ચૂંટણીમાં ભાગ ન લીધો હોય. જોકે આવા બહારથી લવાયેલા નેતાએ પછી નક્કી સમયગાળામાં ચૂંટણી લડવી અને જીતવું અનિવાર્ય છે. આ વ્યવસ્થાનો બહુમતી પક્ષ પોતાના સત્તાકીય હિત માટે મારીમચડીને ઉપયોગ કરી શકે છે જે મારી દૃષ્ટિએ તો લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતો અને ચૂંટણી પ્રક્રિયા પર જ એક કઠોર આઘાત છે. આખરે તો લોકશાહી કોઈપણ પ્રકારની હોય, મતદારો અને ચૂંટાયેલા સભ્યો (જે વિવિધ સત્તા કેન્દ્ર સંભાળે છે)- બંનેની સમગ્ર લોકહિતના પક્ષે જ કામ કરવાની નૈતિક, ફરજ અને જવાબદારી છે અને આ વાત લોકોના આંતર-વિવેક પર જ આધાર રાખે છે.

એ પણ નોંધવું રહ્યું કે લોકશાહી સૌથી મોંઘી રાજ્ય વ્યવસ્થા હોવા છતાં બીજી કોઈ પણ વ્યવસ્થા કરતાં વધુ 'સારી' તરીકે સ્વીકારાઈ છે. દુનિયામાં એનો



પ્રસાર વધતો જાય છે, કેટલીકવાર ઉત્ક્રાંતિની રીતે તો કેટલીકવાર ક્રાંતિની રીતે ! પોતાના સ્વરૂપના સર્વોત્તમ અને સર્વોચ્ચ શિખરે પહોંચવાની અને અંતે સ્થિર સ્વરૂપમાં દઢ થવાની લોકશાહીની આ સફરમાં વચ્ચે વચ્ચે અનેક વિઘ્નો આવશે. દુનિયાની મોટાભાગની લોકશાહીઓ અપૂર્ણ છે, પરંતુ પ્રગતિ કરતી જાય છે. અંતતઃ તો 'સ્વશાસન જ વૈશ્વિક ન્યાયપૂર્ણ વ્યવસ્થાનો આધાર બની શકે' આ મૂળ તથ્ય પર વિશ્વે વિશ્વાસ મૂકવો જ પડશે.

(સંપર્ક : aseem.chandawarkar@gmail.com U.S.A.)

# ૩. આપણી ગતિ સ્વરાજ તરફની હોવી ઘટે

**ડંકેશ ઓઝા**

લોકશાહી તંત્રની નિષ્ફળતા અથવા તો મર્યાદા પછી આપણે તેને સુધારવાની કે બદલવાની વિચારણ કરીએ છીએ ત્યારે સ્વીકારવું રહ્યું કે એને સફળ બનાવવામાં આપણે નિષ્ફળ રહ્યા છીએ. લોકશાહી બધાને સાથે લઈને ચાલવાની વાત કરે છે, બધાને તક આપવાની વાત કરે છે, તેમ છતાં લોકશાહી સફળ ન થતી હોય તો વાંક લોકોનો જ ગણાય એમાં કોઈ શંકા નથી.

ગાંધીજીએ સંસદીય લોકશાહીની મર્યાદા સોઈ-ઝાટકીને પ્રગટ કરી બતાવી છે તેમ છતાં ભારત એ માર્ગે જ ગયું છે. ગાંધીનો માર્ગ એ ન હતો. એમનો ઉદ્દેશ સ્વરાજનો હતો. એવું સ્વરાજ જેમાં કાયદા - કાનૂન કે પ્રતિનિધિની પણ જરૂર ન પડે. શાસન ઓછામાં ઓછું હોય. વ્યક્તિ, જ્ઞાતિ, ધર્મ કે પ્રદેશની સંકુચિતતાથી દોરવાતી ન હોય. સીત્તેર વર્ષે હજુ આપણને આ લઘુત્તમ વાત દૂરની લાગતી હોય કે સ્વપ્નવત્ કે આદર્શ જેવી લાગતી હોય તો આપણે સાચી લોકશાહીથી કેટલા દૂર છીએ તે સમજાવું જોઈએ અને તે સ્વીકારવામાં શરમ-સંકોચ ન હોવાં જોઈએ.

આટલી ભૂમિકા પછી કેવી સુધારણા શક્ય બને એની વાત કરીએ. લોકશાહીમાં રાજકીય પક્ષો ફૂલ્યા ફાલ્યા છે અને નાગરિકો ગુલામ બન્યા છે. પાંચ વર્ષે એક વાર મતદાન કરવાથી આપણે લોકશાહીમાં છીએ એમ માનવું એ મૂરખનું સ્વપ્ન હોઈ શકે. મતદાન એ બંધારણે ફરજ નથી ગણી કે મતદાન ન કરવું તેને કાયદાએ ગુનો નથી ગણ્યો. એનાથી પણ સમજાઈ જવું જોઈએ કે ચૂંટણી સર્વસ્વ નથી. ચૂંટણી પંચને મત પત્રકમાં 'ઉપરનામાંથી એકેય નહીં' (NOTA)નો વિકલ્પ આપવો પડ્યો છે એ દર્શાવે છે કે આપણી પાસે યોગ્ય ઉમેદવારો નથી અથવા યોગ્ય હોય તેવા ચૂંટણી પ્રક્રિયામાં જોડાવા માગતા નથી. લોકશાહીની મૂળભૂત બાબત ગણાયેલી ચૂંટણી અત્યંત દૂષિત થઈ ચૂકી છે.

મારા મતે લોકશાહીમાં સુધારાની શરૂઆત ચૂંટણી અને રાજકીય પક્ષોથી થવી

જોઈએ. સત્તામાં બેઠેલા એ માર્ગે ઉપર પહોંચ્યા છે તેથી તેઓ તે કરે તે સંભાવના અશક્ય લાગે છે. છતાં આ નહીં થાય તો લોકશાહી સુધરે એવી કોઈ શક્યતા નથી. લોકશાહી રાજાશાહીના, સરમુખત્યારશાહીના, હિંસાના વિકલ્પે આવી છે. તેથી એવી અહિંસક ક્રાંતિ થાય જે લોકશાહીનું રાજકારણ સુધારે, તો જ કંઈક વાત બને. ગાંધી, વિનોબા, જયપ્રકાશ નારાયણનાં લખાણોમાં આની ઘણી ચર્ચા છે.

મારો લેખ રાજકીય સુધારાથી શરૂઆતની વાત કરે છે. રાજકીય સુધારા એટલે;

૧. રાજકીય પક્ષો પર અસરકારક અંકુશ- તટસ્થ ચૂંટણીપંચ દ્વારા એના હિસાબો, બંધારણ, ઢંઢેરા વગેરે ઉપર.

૨. રાજકીય પક્ષની સત્તા નહીં પણ રાજકારણ વગરની તટસ્થ સત્તા. પોલીસ અને વહીવટી તંત્રમાં સહેજે દખલ નહીં પણ કાયદાનું શાસન.

૩. ટ્રાફિક ગુના બદલ લાયસન્સ જપ્ત થાય તે રીતે શાસનના દુરુપયોગ બાબતે પક્ષનું રજીસ્ટ્રેશન ખતમ થાય.

૪. દરેક પક્ષમાં ombudsmanની નિમણૂક, જે લોકોની ફરિયાદ સાંભળી ન્યાય કરે અને તેની પરની અપીલ માટે નાગરિક ચૂંટણી પંચમાં જઈ શકે.

૫. ચૂંટણી પંચ અને ન્યાયાધીશો વગેરેની નિમણૂક એવા પંચના હાથમાં હોય જેના ઉપર પ્રજાને વિશ્વાસ હોય અને જે સંપૂર્ણપણે બિનરાજકીય હોય. ઉદાહરણ તરીકે અત્યારે એવા પંચમાં આવા લોકો હોય.
અન્ના હજારે, રાજમોહન ગાંધી, ઈલાબેન ભટ્ટ, જુલિયો રિબેરો, અમર્ત્ય સેન વગેરે.

૬. નાના મતવિસ્તારમાંથી લોકો પોતાના પ્રતિનિધિનું નામ લખીને પેટીમાં નાખી આવે, પછી વધુ વાર નામ આવ્યું હોય તેને પૂછાય કે તેમની શી ઈચ્છા છે.

સમગ્ર ચૂંટણી તંત્રમાં આવા તલસ્પર્શી અને જલદ સુધારા થાય તો જ લોકશાહી એક નવું સ્તર પ્રાપ્ત કરી શકે. આપણે નાગરિકો આપણા શાસનકર્તાઓ પર આવું દબાણ લાવી શકીએ ?

( સંપર્ક : મો. ૯૭૨૫૦૨૮૨૭૪)

## ૪. ભારતીય લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયાની મર્યાદાઓ

**સુધીર ગાંધી**

આપણે દુનિયાની સૌથી મોટી લોકશાહીઓમાંના એક છીએ. કેટલાય ઉતાર-ચડાવ છતાં હજી સુધી આપણે લોકશાહી રાજ્યવ્યવસ્થાને જાળવી શક્યા છીએ. આનાં કારણમાં જનતાની જાગૃતિ અને આપણને આરંભમાં મળેલા સારા નેતાઓ ગણી શકાય.



છેલ્લાં કેટલાંક વર્ષથી કેટલાંક બહારનાં પરિબળો આપણી વ્યવસ્થાને અસ્થિર બનાવવા માટે કાર્યરત છે અને એના કારણે અત્યારના નેતાઓ કેટલાક એવા રસ્તાઓ અપનાવવાના પ્રયત્ન કરે છે જે કદાચ સાચી લોકશાહીના આત્માને રુંધે છે.

રોજિંદા જાહેરજીવનમાં સૌથી મોટા ભ્રષ્ટાચારનું કારણ કદાચ ચૂંટણીઓ છે કારણકે ચૂંટણી દ્વારા સત્તા હાંસલ કરવી એ બહુ મોટું આકર્ષણ બની ગયું છે અને સત્તાસ્થાન એ પેઢીઓ સુધી ચાલે એટલી સમૃદ્ધિ પેદા કરવાનું સાધન બની ચૂક્યું છે. ચૂંટણી દરમિયાન દરેક પ્રકારની ગેરરીતિઓ દરેક સ્તરે અજમાવવામાં આવે છે અને આમાં સંસદથી માંડીને કો-ઓપરેટીવ સોસાયટી સુધીની કોઈપણ સંસ્થાઓ બાકાત નથી.

ચૂંટણી લોકશાહીનું એક અનિવાર્ય દૂષણ છે અને વારંવાર આવતી ચૂંટણીઓ બીજા ભ્રષ્ટાચારના દૂષણને બહુ ઝડપથી ફેલાવે છે. જોકે મોટા ભાગની ચૂંટણીઓ દર પાંચ વર્ષે આવે પણ પેટા ચૂંટણીની ભરમાર કેટલાંય કારણોસર- પ્રતિનિધિનું મૃત્યુ, રાજીનામું, ગેરકાયદેસર ઠરવું કે આખી સરકારે બહુમતી ગુમાવવી વગેરે - ચાલુ જ રહે છે.

આ સંજોગોમાં ચૂંટણી પ્રક્રિયાના નિયમો સુધારવામાં કે નવેસરથી ઘડવામાં આવે, વારંવાર થતી ચૂંટણીઓને અટકાવવા માટે કાયદા ઘડવામાં આવે અને ગેરરીતિઓની શક્યતાને ડામવા માટે કઠોર નિર્ણયો કરવામાં આવે તે જરૂરી છે. ચૂંટણી પ્રક્રિયામાં બદલાવનાં આવાં પગલાં ક્યાં હોઈ શકે તે જોઈએ.

સામાન્ય નિયમોમાં :

૧. જાતિ, જ્ઞાતિ, ધર્મ, આવક કે લિંગભેદ બાબતે દરેક પ્રકારની અનામતની વ્યવસ્થા દૂર કરવી અને બધી બેઠકો એક જ સામાન્ય પ્રકારમાં રાખવી.

૨. ચૂંટણી માટેનો ફાળો મૂળમાંથી કરપાત્ર ગણવો અને કેવળ બેંક દ્વારા જ અપાય અને લેવાય તે કડક પ્રમાણે જોવું.

૩. જે તે બેઠક માટે થતી ચૂંટણી પાછળ થતા કુલ ખર્ચના પચાસ ટકા દરેક ઉમેદવાર સરખા ભાગે ભોગવે અને બાકીના પચાસ ટકા ચૂંટણી પંચ ભોગવે એવી વ્યવસ્થા અમલી બનાવવી.

૪. ચૂંટણી દરમિયાન સરકાર દ્વારા અપાતી સામાન્ય સલામતી ઉપરાંત જોઈતી કોઈ પણ વ્યવસ્થાનો ખર્ચ જે તે ઉમેદવાર અથવા પક્ષ ભોગવે અને ચૂંટણી પંચ આનું વાસ્તવિક ખર્ચના ધોરણે નિયમન કરે.

૫. ચૂંટણીઓ કેવળ દર પાંચ વર્ષે યોજાય અને ખાલી પડતી બેઠક બાકીના સમયગાળા માટે ખાલી જ રહે અથવા એ દરમિયાન ચૂંટણીપંચ દ્વારા નિમાયેલા અધિકારી પ્રજાનાં વહીવટી કામોમાં મદદ કરે.

૬. ચૂંટણી જાહેર થતાં જ સત્તા પરની સરકાર રાજીનામું આપે અને ચૂંટણી પંચની નજર નીચે કેરટેકર સરકાર તરીકે પોતાની ફરજો બજાવે.

**ચૂંટણી પહેલાં :**

૧. ચૂંટણી પંચ દરેક ઉમેદવારને અરજી પત્રક ભરતી વખતે જ પોતાનો મેનિફેસ્ટો

જાહેર કરવાની ફરજ પાડે.

૨. અરજી વખતે જ ઉમેદવાર પાસેથી નીચેની ત્રણ બાબતો માટે અનિવાર્યપણે જાહેરાતનો આગ્રહ રખાય અને ચૂંટણી પંચ દ્વારા એને તપાસવામાં આવે.
   અ. લઘુતમ શૈક્ષણિક લાયકાત
   બ. સ્વચ્છ બિન-ગુનાહિત જાહેર કારકિર્દી
   ક. કૌટુંબિક આવકનાં સાધનોની સ્પષ્ટ જાહેરાત

૩. અરજી પત્રકમાં જ્ઞાતિ, જાતિ, ધર્મનો ઉલ્લેખ સંપૂર્ણપણે બિનજરૂરી બનાવવામાં આવે.

**ચૂંટણી દરમિયાન :**

૧. જાહેર સરઘસ, રેલી કે સભા કરવાની મનાઈ હોય. પ્રચાર સભાઓ કેવળ બંધ હોલમાં યોજાય.

૨. જાહેર સ્થળોએ બેનર, બિલબોર્ડ કે પ્લેકાર્ડ લગાવવાની મનાઈ હોય.

૩. દરેક પ્રકારનાં માધ્યમોમાં ચૂંટણી પંચની નજર નીચે પ્રચારની સંપૂર્ણ છૂટ હોય, પણ શરત સાથે કે તેમાં જાતિ, જ્ઞાતિ કે ધર્મનો ઉલ્લેખ ના હોય અને પ્રચાર જાહેર કરેલા મેનિફેસ્ટો સંબંધિત જ હોય.

૪. ચૂંટણી પંચના બધા નિયમોનું કડકાઈથી સંપૂર્ણપણે પાલન થાય તે માટે ચૂંટણી પંચને જરૂરી સત્તા આપવામાં આવે.

**ચૂંટણી પછી :**

૧. ચૂંટાયેલા પ્રતિનિધિ એની મુદતના પાંચ વર્ષ સુધી પક્ષાંતર ન કરી શકે. અપક્ષ ઉમેદવાર પણ એની મુદત સુધી અપક્ષ જ રહે.

૨. સંસદ, વિધાનસભા કે બીજા મંડળની અંદરની કાર્યવાહી દરમિયાન થતું મતદાન કેવળ ગુપ્ત મતદાન પદ્ધતિથી થાય. વોઈસ વોટ, હાથ ઊંચા કરવા, માથાં ગણવાની પદ્ધતિ દૂર કરવામાં આવે.

૩. ચૂંટાયેલી સરકાર પોતાનું શાસન પોતે જાહેર કરેલા મેનિફેસ્ટો અનુસાર ચલાવે અને ચૂંટણી પંચ કોઈ મોટા ઉલ્લંઘન માટે સરકારને ટકોર કરી શકે અથવા સમજૂતી માગી શકે.

૪. મતદાર મંડળ માટે અમુક નિયમોને અનુસરીને right to recall વ્યવસ્થા ચૂંટણી પંચ દ્વારા લાગુ કરવામાં આવે

૫. અસાધારણ પરિસ્થિતિમાં જો સદનને બરખાસ્ત કરવાની જરૂર પડે તો કેરટેકર સરકાર ચૂંટણી પંચ દ્વારા રચવામાં આવે, જેના સભ્યો હોય- પ્રમુખ, ઉપપ્રમુખ, સમાપ્ત કરવામાં આવેલા સદનના સ્પીકર, રાજ્યસભાના નેતા, બધા જ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ. આ કેરટેકર સરકાર

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૨૪)



## કવિતા

### સ્ત્રી

એણે ઈચ્છ્યું, એ જીવે પોતાની રીતે
ભણી - ગણી, પાકટ બની, કમાતી પણ થઈ,
ઘર અને બહારની બધીયે ભાષા સમજાવા લાગી,
બોલાયેલી અને નહીં બોલાયેલી.

ઈચ્છા, પસંદગી અને અધિકાર,
સુખ, આનંદ અને પીડા,
સ્નેહ, સંતોષ અને સમજણ,
સમાધાન અને સ્વીકાર -

એક એક શબ્દની ઓથે આખા જન્મારાનો ભાર,
એ ય માફકસર કરી લીધો પોતાને.

અર્થોની લિપિઓનું ઘેરું વર્તુળ દોરી લીધું...
ભૂલમાં, ઉતાવળમાં કે ઉમળકામાં
બહાર રહેવાને બદલે
એ રહી ગઈ વર્તુળની અંદર.
ત્યારથી,
એ અંદર ને અંદર..
ગોળ ગોળ..
નથી ખેંચી શકતી ભીતર કોઈને,
નથી નીકળી શકતી પોતે બહાર.

ઈચ્છા, પસંદગી અને અધિકાર,
એ જ... સ્નેહ, સમાધાન, સ્વીકાર..

બધુંયે વર્તુળાકાર
ને સાવ એકાકી પોતે !!

(વિશ્વ નારી દિવસના રોજ રચાયેલી)

પ્રજ્ઞા પટેલ, ગાંધીનગર (૯૮૨૫૪૩૮૩૯૪)

## ઘટના

દરેક માણસ છે એક ઘટના
પળપળની છે દરેક ઘટના

ભરાય ગ્રંથો ડહાપણોના
ને મૌન ઉંડું વિવેક ઘટના

વિરાટ જગમાં અપાર જીવો
વિચાર એવો છે નેક ઘટના

ઘણીય રીતો રજૂ થવાની
નયન ઢળ્યાની મહેક ઘટના

પરિસ્થિતિની દિવાલ ઉંચી
કે દમ ભરીને તું ઠેક ઘટના

નયન મીંચીને ઘડીક બેસો
ઘટે જ ભીતર અનેક ઘટના

મને તને ને બીજાં બધાંઓ
ને સાંકળે એકમેક ઘટના

બહાવ બેહોશીનો વહે છે
અને જાગવાની છે એક ઘટના

રેણુકા દવે
અમદાવાદ, મો:૯૮૭૯૨૪૫૯૫૪



(પાના નં. ૨૧નું અનુસંધાન)

દ્વારા નવી સરકાર રચાતા સુધી શાસન વ્યવસ્થા સંભાળવામાં આવે.

આ દેખીતું જ છે કે આવા સુધારા માટે ભારતના બંધારણમાં સુધારા જરૂરી થાય. પરંતુ આ કરવાથી રાજકારણમાં પ્રવર્તતો ભ્રષ્ટાચાર ચોક્કસ ઓછો થશે. જોકે સમસ્યાનું સમાધાન તો છેવટે ભારતના નાગરિકોની માનસિકતા પર જ આધાર રાખશે. કાયદાનું શાસન પ્રવર્તી રહે તે માટે આપણે નાગરિકોએ જ પ્રયત્નશીલ અને જાગૃત બનવું પડશે.

આપણે આશા રાખીએ કે આજના બાળકો અને આવતીકાલના નાગરિકો આવા સુધારાઓ જોવા અને અનુભવવા પામશે.

(સંપર્ક : મો. ૮૯૮૦૯૩૮૩૬૫)

## ૫. લોકશાહીની પીછેહઠ

કશ્યપ જોશી

ડિસેમ્બર ૨૦૨૦માં નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ)એ સ્વરાજ્ય સામયિક દ્વારા યોજાયેલ એક વર્ચ્યુઅલ મિટીંગમાં કહ્યું કે, ‘ભારતમાં લોકશાહીની પીછેહઠ : સંપૂર્ણ સ્વતંત્રતામાંથી અંશતઃ સ્વતંત્રતા.’ સુધારાઓને અમલમાં મૂકવા અઘરા છે કારણ કે આપણે ત્યાં ખૂબ વધુ પડતી લોકશાહી છે. આ વિધાનથી મોટો હોબાળો મચી ગયો. કેટલાય બુદ્ધિજીવીઓ, લેખકો, વિચારકો અને લોકશાહી પ્રત્યે ખૂબ મમત્વ ધરાવતા લોકોએ આ વિધાનની સખત ટીકા કરી, બોલનારનો રીતસરનો ઉઘડો લઈ નાખ્યો. છેવટે તેમણે સ્પષ્ટતા કરવી પડી કે એ તો એમણે ચાઈના મોડલની સામે અરીસો ધરવા માટે કરેલું વિધાન હતું. ખેર, લોકશાહી એ લોકશાહી છે. કોઈને વધુ પડતી લાગે તો કોઈને શાસકોની સત્તા તળે ભીંસાતી લાગે.

ચૂંટણી લોકશાહીનો પ્રાણ છે. પરંતુ બહુમતીના આધારે જીતાતી ચૂંટણીમાં હંમેશાં સાચી વ્યક્તિ જ ચૂંટાતી નથી હોતી. ટોળાથી બહુમતી મેળવી શકાય છે પણ તે સર્વ સંમતિ નથી. કેવળ બહુમતનો જનમત છે. લોકશાહીનાં અસંખ્ય દુષણો છે. પ્રજાના પ્રતિનિધિઓની પસંદગી માત્ર ચૂંટણી જીતવાની પાત્રતાને આધારે થાય છે. જનસેવાની જીદ સાથેની યોગ્યતા ધરાવતી વ્યક્તિઓમાં પણ રાજકીય ચાલ ચાલવાની કુનેહ હોવી અનિવાર્ય છે. જો તે ના હોય તો તેઓ રાજકીય સત્તા વડે સમાજ સેવા કરી શકતા નથી.

જેમ સામાન્ય સારપ, શ્રેષ્ઠતાની શત્રુ ગણાય છે તેમ સીધાસાદા રહેવાથી નેતા બની શકાતું નથી. રાજકારણમાં સારા અને સાચા હોવું દુશ્મનો ઊભા કરવા બરાબર

છે. ચૂંટણી લોકશાહીનો સૌથી મોટો રાજકીય તહેવાર છે પણ બધા તેમાં ભાગ લેતા નથી. સરેરાશ ૪૦થી ૪૫ ટકા લોકો મતદાનથી દૂર રહેતા જોવા મળ્યા છે. એટલે ૬૦ ટકા મતદાનના આધારે જેને ફક્ત ૩૧ ટકા મત મળ્યા હોય છે એ સો ટકા લોકો પર રાજ કરે છે. સો ટકા લોકો વતી નિર્ણય લે છે અને બધાએ તે માનવા પડે છે, કારણ કે આપણે લોકશાહીને પાળી છે. એ જાણીતું વિધાન છે કે, 'દુનિયા દુર્જનોથી જેટલી પરેશાન છે એના કરતાં સજ્જનોના મૌનથી વધુ હેરાન છે.'

ભારતીયોમાં પુષ્કળ બુદ્ધિમત્તા છે. અમેરિકાના નવા પ્રમુખ બીડેનની સરકારમાં ભારતીય મૂળની અનેક વિચક્ષણ વ્યક્તિઓ છે. પણ જો આપણે નવી પેઢીને ધ્યાન દઈને સાંભળીએ, તો એ કહે છે : જે યુએસએમાં શક્ય છે તે ભારતમાં નથી. કેમ શું અહીં લોકો ખુલ્લા મનના નથી ? કાર્લ માર્ક્સે જેમ કહ્યું હતું તેમ લોકોને ધર્મના નામે અફીણ પીવડાવી દેવામાં આવ્યું છે ? કે પછી હજી સુધી ૭૩ વર્ષની સ્વતંત્રતાને માણ્યા બાદ પણ જોઈએ તેવી પરિપક્વતા નથી આવી ! સવાલો ઘણા છે પણ પૂછવા કોને ? લોકશાહીના દરવાજા પર અનેક દસ્તક દઈ રહ્યા છે, પરંતુ કોઈ સાંભળી રહ્યું છે ?

આપણે ત્યાં બાળકોને પ્રશ્નો પૂછવાની મનાઈ છે. ધર્મ, રીતરિવાજ, રૂઢિ અને વડીલોની સામે તો કોઈ સવાલ પૂછાય જ નહીં. એટલે જ્યાં સુધી ભણેલા ખરેખર 'ગણેલા' નહીં બને અને કૂપમંડુક વૃત્તિમાંથી બહાર નહીં આવે ત્યાં સુધી શિક્ષિતોને પણ કેવળ ટોળા તરીકે જોનારી સરકારો આવશે ને જશે. આપણે ફક્ત ચર્ચાઓ કરીને પોરસાઈશું.

લોકતાંત્રિક સંક્રાંતિ ત્યારે જ શક્ય બનશે જ્યારે વાસ્તવમાં લાગણીઓ અને ધર્મભાવનાથી મુક્ત એવી સ્વતંત્ર વિચારસરણી દરેક વ્યક્તિમાં ખીલશે. પણ એ બધા લોકો ક્યારેય બહુમતીમાં આવી શકશે ? લોકશાહીને સજાગ રાખનારી આંતરરાષ્ટ્રીય સંસ્થા freedom house એ તાજેતરમાં ભારતમાંની સ્વતંત્રતાનો દરજ્જો ઘટાડી તે અંશતઃ સ્વતંત્ર છે એમ કહ્યું.

લોકશાહીની સ્વતંત્રતામાં એક સમયે ભારત ૭૭ ગુણ ધરાવતું હતું, જે વર્ષો વર્ષ ઘટતા ઘટતા ૨૦૧૯માં ૭૫, ૨૦૨૦માં ૭૧ અને ૨૦૨૧માં ૬૭ પર પહોંચી ગયું છે. છતાં આપણે ભારત માતાની જય તો બોલાવવી જ રહી !

(સંપર્ક : kj3266@gmail.com)

## ૬. લોકશાહી

ડૉ. ધીરજ છેડા

વિશ્વભરના વિચારકોને ચૂભે, ખૂંચે તેવી અણીદાર કાંકરી...! કાંકરીચાળો કેમ કહેવાય ? આપના લેખના આધારે મારા થોડા વિચારો પ્રસ્તુત છે. ટ્રમ્પ ટોચે પહોંચેલી વ્યક્તિ. આજની લોકશાહીમાં ટોચે પહોંચવા જે હામ, દામ અને ઠામ



આવશ્યક હોય તે સામાન્ય વ્યક્તિને ઉપલબ્ધ ક્યાંથી થાય ?

ભારતની જ વાત કરીએ તો જેમ દેડકાઓને પણ એક રાજા જોઈતો હતો તેમ આપણા ભારતીયોની માનસિકતા વ્યક્તિ પૂજાની જ છે તે નિર્વિવાદ છે. આશારામ બાપુના ભક્તો પણ હજી તેમને ભક્તિભાવે જ પૂજે છે. દેશ મોદી ભક્ત કે મોદી વિરોધી છાવણીઓમાં જ વહેંચાઈ ગયો છે ને ? પ્રશ્ન એ છે કે આમ જનતાને ખરેખર લોકશાહીનો ખપ છે ?

જ્યાં સુધી દમન નથી થતું, સહન કરવાની તાકાત નથી રહેતી, ત્યાં સુધી એક મોટી બહુમતીને પોતાનાં રોટી-કપડાંથી આગળ વધુ જરૂરત હોતી જ નથી. મકાન તો લક્ઝરી છે. એટલે 'આપણી નિસ્બત' એ અતિ અલ્પ સંખ્યક, જેમની પાસે બધું છે, જેમની અપેક્ષાઓ ઓછી છે તેવા લોકોની જ વિચારણા માત્ર છે. વૈશાલીના ગણતંત્ર કે લિચ્છવીઓની શાસન વ્યવસ્થા વિશે કે એથેન્સવાસીઓ વિશે આપણી માહિતી કેટલી સચોટ છે ?

સામાન્ય નાગરિક પાસે અવિરત સતત જાગૃત રહેવાની અપેક્ષા રાખવી એ નર્યો આશાવાદ છે. પણ આપણે વાસ્તવિકતાઓ તરફ દુર્લક્ષ કરી એક આદર્શવાદમાં રાચતા હોઈએ છીએ. પરફેક્ટ, આઈડીયલ, આ બધા શબ્દો અંગ્રેજી ઉક્તિ મુજબ 'ઇન્દ્રધનુષના છેડે આવેલા સુવર્ણપાત્ર જેવા છે.'

ત્રીજા ફકરામાં 'ભવિષ્યના ક્રાંતિકારી ચિંતકો'ની આપ રાહ જુઓ છો. છેલ્લા સૈકામાં બર્ટાન્ડ રસેલ, ઍલ્વીન ટોફ્લર કે કદાચ ઓશો જેવા આંગળીને વેઢે ગણાય તેવા ચિંતકો થયા જ ને ! હેન્રી ડેવિડ થોરોની જેમ જીવવા કે પછી સાવ ઘરઆંગણાની વાત કરીએ તો, ગાંધીબાપુ કે મોરારજી દેસાઈની જેમ જીવવાનું વાસ્તવમાં કેટલા લોકોને ઉપલબ્ધ થઈ શકે કે પરવડી શકે ?

સંભવતઃ સમાધાન કે હલ શું છે તે દિશામાં વિચારતાં મને લાગે છે કે જે પક્ષને જેટલા ટકા મત જનતાએ આપ્યા હોય એના ગુણોત્તરમાં એ પક્ષોના પ્રતિનિધિઓ રાજ્યવ્યવસ્થા કે વહીવટનો હિસ્સો ધરાવે. પછીનો પ્રશ્ન એ આવે કે એમાં સ્થાન કોને આપવું ? તો જે ઉમેદવારો પોતાના કાર્યથી સારી બહુમતીથી ચૂંટાયા છે તેઓ પક્ષવાર પ્રતિનિધિત્વ કરે. જ્યાં મતોમાં ઝાઝો ફરક નથી એ જગ્યા માટે કોને મોકલવા તે પક્ષની કારોબારી આગળથી જ એક લિસ્ટ બનાવી રાખે. "right to recall"ની કલ્પના સારી છે પણ વાસ્તવમાં લાવવા પાછી ચૂંટણી જ કરવી પડે ને ?

ખરી રીતે જો નગ્ન નક્કર વાસ્તવિકતા સ્વીકારી લઈએ તો આખા વિશ્વ શાસનનું સંચાલન ટ્રમ્પ જેવા મુઠ્ઠીભર માલેતુજારોના હાથમાં છે. આપણે સૌ ગુલામી દશામાં જીવીએ છીએ અને એ આપણને જણાતું કે દેખાતું નથી અથવા એ દશા આપણને કોઠે પડી ગઈ છે. આજના બહુ ગાજેલા શબ્દનો આશરો લઉં તો, દેશ નહીં પણ વ્યક્તિએ જ અંગત રીતે શક્ય હોય એટલા આત્મનિર્ભર થવાની જરૂર છે.

(સંપર્ક : મો. ૯૮૨૦૧૯૬૯૧૨)

## વૈવિધ્ય

# ૧. 'આ જિંદગી ફાલતુ નથી... જીવો અને જીવવા દો'

**હેમાંગિની ભાવસાર**

'દેખા હૈ જિંદગી કો કુછ ઈતના કરીબ સે... ચેહરે તમામ લગને લગે હૈ અજીબ સે'

જિંદગી ઘણી વખત આ ફિલ્મી ગીત જેવી ભાસે છે. આ ફિલ્મી ગીત જેવા વિચાર આવે ત્યારે એક સવાલ સર્જાય છે. કોઈ દિવસ જિંદગીને રિવાઈન્ડ કરીને જોવાનો સમય કાઢ્યો છે? જિંદગી આમ તો સપ્તરંગી મેઘધનુષ્ય છે અને એમાં તમામ રંગો છે એનો અહેસાસ જિંદગીને રિવાઈન્ડ કરીએ તો અચૂક થાય છે. જિંદગીના મેઘધનુષી રંગોને માણવા સ્વાર્થનો પડદો હટાવવો પડે. કદાચિત વર્તમાન સમયમાં એક જાણીતું વાક્ય લગભગ ઘણાખરાં લોકોને લાગુ પડે તેવું છે કે, 'જિંદગી જીવી લીધી છે એ આશમાં... આવતીકાલે નવરાશની પળો મળશે માણવા.' આશા અને નિરાશા વચ્ચે હાલક-ડોલક થતી જિંદગી વીતી જાય અને જીવનનો સુવર્ણકાળ વીતે. નવરાશની પળો માણવાના વખતે જિંદગી રિવાઈન્ડ થતી હોય છે. આ સમયે સમજાય છે કે- આ જિંદગી ફાલતુ નથી, જીવો અને જીવવા દો.

જિંદગીના અલગ-અલગ તબક્કામાં શ્રેષ્ઠતમ તબક્કો બાળપણ છે. ના સમજી વચ્ચેના નિર્દોષ તોફાન-મસ્તી. આ બાલ્યાવસ્થા ક્યાં પસાર થઈ જાય છે એ ખબર રહેતી નથી. પણ, ના સમજીનાં તોફાન-મસ્તી વચ્ચે મનમાં સમજણ આકાર લેવાની શરૂઆત કરી દે છે. બાળપણથી જે સતત જોઈએ અને અનુભવીએ એમાં જિંદગીનો એકડો ઘૂંટાતો હોય છે. જિંદગીની દરેક પળ એક પાઠશાળા છે. અનુભવોને સમજવાનો મરોડ જેટલો શાનદાર હશે એવી જિંદગી જાનદાર બની રહે છે. માતા-પિતા, મોટા ભાઈ બહેન કે અન્ય સ્વજનોના સ્નેહ વચ્ચે પાંગરતી જિંદગીમાં સમજ નામના ફૂલ કિશોરાવસ્થામાં ખીલવા લાગે છે. કિશોરાવસ્થામાં સંવેદનાનો અહેસાસ આકાર લેવા લાગે છે. આ સમય જ જિંદગીના ભવિષ્યને નિશ્ચિત કરે છે.

કિશોરાવસ્થામાં અભ્યાસ સાથે મનના કૌશલ્યના વિકાસને વેગ મળે છે. અભ્યાસમાં તેજસ્વિતા સાથે મનમાં સકારાત્મકતા અને નકારાત્મકતા મજબૂત બનતાં જાય છે. જ્યારે, યુવાવસ્થામાં ડગ માંડતાં હોઈએ અને જિંદગીના ગોલ નક્કી કરવાના હોય છે ત્યારે મનના વિચારો ભવિષ્યનું સિંચન કરવાના હોય છે. યુવાવસ્થામાં કોલેજની મસ્તી વચ્ચે સોનેરી કે અંધકારમય ભવિષ્યનો રાહ કંડારાતો હોય છે. યુવાવસ્થાએ આંખોમાં સોનેરી શમણાં હોય છે.

સોનેરી શમણાં સાકાર કરવા માટે યુવામન થનગનતું હોય છે ત્યારે પડકારોનો સામનો થાય છે. આવા તબક્કે સમજ મળે છે કે, અત્યાર સુધી જીવેલી જિંદગી



કરતાં પડકારો ઘણા મોટા હોય છે. હજુ તો મજબૂતી સાથે ડગ માંડવાની મથામણ ચાલતી હોય ત્યાં જ સામાજીક જવાબદારીની જંજીર જકડાવા લાગે છે. જેમણે ઉછેર્યા અને શમણાં બતાવ્યાં તેવા આપણાં પોતાના લોકોની લાગણી ખાતર જવાબદારીની જંજીરને જાતે જ સમજદારીનું તાળું લગાવવું પડે છે. જોકે, યાદ રાખવા જેવું છે કે જે વસ્તુ તમને ચેલેન્જ કરે છે, એ જ તમને ચેન્જ કરી શકે છે. આ જંજીરો સાથે જિંદગીની દડમજલ કાપવાનું લાગે છે તેવું આસાન જણાતું નથી.

જિંદગીનું ફરી એ જ ચક્ર ચાલુ થાય છે. ઘરમાં ફરી બાલ્યાવસ્થાની કિલકારી સંભળાય છે પણ આવા સમયે બાલ્યાવસ્થાને યાદ કરતાં કરતાં પોતાના બાળકોને વધુ સારી જિંદગી આપવાની જીજીવિષામાં યુવાવસ્થા લગભગ પૂર્ણતાના આરે આવીને ઉભી રહી જાય છે. આપણી સમાજરચના જ એવી છે કે ડગલું ડગલું માંડતાં માંડતાં પોતે જોયેલાં અનેક શમણાં જવાબદારી નીચે કચડાતાં જોઈએ છતાં નવી પેઢીના શમણાં સાકાર કરવા માટે દોટ મુકવી પડે છે. જિંદગીની પ્રૌઢાવસ્થા નવી પેઢીની ખુશી કાજે કસોટીની એરણે ચડી જાય છે.

જિંદગી હવે પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા વચ્ચે ઝૂલતી થાય છે. આવા તબક્કે વિચારોના વમળ સર્જાવા શરૂ થાય છે. શું આ જ છે જિંદગી ? આશા-નિરાશા અને સફળતા- નિષ્ફળતાની થપાટો ખાતાં ખાતાં અડીખમ રીતે આગળ વધેલી જિંદગીને રિવાઈન્ડ કરતાં અનેક જમા-ઉધાર નજર સામે આવી જાય છે. કૈંક વખત સવાલ થઈ આવે છે કે, જિંદગી ફાલતુ છે? જ્યારે, જેમને જિંદગી ખર્ચીને ઉછેર્યા હોય તેમનો સ્નેહ મળે ત્યારે સમજાય છે કે ના, જિંદગી ફાલતુ નથી. પણ, વૃદ્ધાવસ્થાએ જિંદગીના એવા ઘટનાક્રમ પણ બની જાય છે કે, 'મન બોલી ઉઠે છે કે - જીવો અને જીવવા દો.'

બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થાની જિંદગીની સફરના બાદબાકી-સરવાળા માંડીએ તો એક જ જવાબ મળે છે કે, જો જીવો અને જીવવા દો તો આ જિંદગી ફાલતુ નથી. જિંદગી બદલવા માટે લડવું પડે છે, જિંદગી સહેલી કરવા માટે સમજવું પડે છે.આજે વ્યક્તિમાં જીદ તેમજ પોતાની વાતને સિદ્ધ કરવાની વૃત્તિમાં સતત વધારો થઈ રહ્યો છે. જીદે ચડેલો માનવી પોતે શાંતિથી જીવતો નથી કે અન્યને શાંતિથી જીવવા દેતો નથી. જિંદગીમાં જ્યારે જીદ સવાર થાય ત્યારે સંબંધો બગડે, સ્વાસ્થ્ય બગડે, મનની પ્રસન્નતા ગુમાવીએ, કોઈને ના ગમીએ, એકલા પડી ગયા હોઈએ એવો અહેસાસ થાય છે.

જિંદગીની ગાડી શ્રદ્ધા અને સહકારના પાટા ઉપર જ સડસડાટ દોડી શકે છે. કોઈ મુશ્કેલીનો સામનો કરતાં હોઈએ તો બીજાની મદદ લેવામાં કશું જ ખોટું નથી. જીવન એકબીજાના સાથ અને સહયોગથી જ ચાલતું હોય છે. જિંદગીને સુખભેર શ્રદ્ધા સાથે જીવવી હોય તો સહકારને ગુરુમંત્ર બનાવવો પડે એમ છે.

જિંદગીમાં કંઈક મેળવી લેવાની લ્હાયમાં દેખાદેખી એ હદે વધી ગઈ છે કે, કોઈને કચરામાંથી અનાયાસે હીરો મળી જાય તો લોકો એ હીરાનો વૈભવ માણવા

જીવનભર કચરો ફેંદતા રહે છે. આવી મનોવૃત્તિ કરતાં તો ''એ જિંદગી, જરાક હસ ને સેલ્ફી લેવી છે તારી સાથે'' આ મંત્ર સાથે જીવવાનું બહેતર બનાવી શકાય છે. બાકી, જિંદગી તો મન ભરીને જીવી શકાય, મનમાં ભરીને નહીં. જિંદગી જીવી જાણો તો અનંત આનંદ છે. જિંદગીમાં કોઈ વસ્તુનો અંત નથી હોતો, હંમેશાં નવી શરૂઆત તમારી રાહ જોતી હોય છે. અમુક માણસોના મોઢા ઉપર કાયમ હાસ્ય જોવા મળે છે, એટલા માટે નહિ કે એ લોકો ખુશ છે, પણ એટલા માટે કે એ લોકો એમની પરિસ્થિતિ કરતાં મજબૂત છે. કોઈએ સાચું જ કહ્યું છે કે, જિંદગી કેમેરા જેવી છે. ફોક્સ રાખશો તો પરફેક્ટ પિક્ચર મળશે. એટલું નક્કી છે કે, ઈશ્વરની અમૂલ્ય દેણ એવી જિંદગી ફાલતુ નથી. જિંદગી જીવી જાણવી હોય તો- જીવો અને જીવવા દો.

(સંપર્ક : hbhavsar921@gmail.com)

## ૨. બૂટની શૂન્યતા

**રેખાબા સરવૈયા**

એ વૃદ્ધનું ઘર આમ તો બહુ મોટું કહેવાય એવડું નહોતું, જો કે આ વિચાર પણ એનો પોતાનો ક્યાં હતો કે આ ઘર રહેવા માટે નાનું પડે? આ વિચાર પણ પરદેશી થઈ ગયેલા દીકરાનો જ હતો ને...! એને મન તો એટલો ખ્યાલ પણ સુખ આપનાર હતો કે એને એક ઘર છે... એનું પોતાનું હૂંફાળું ઘર...

દીકરો મોટો થયો ને વાંચવા - લખવા માટે અલાયદા ઓરડાની જરૂરિયાત પણ દીકરાએ જ તો દેખાડી હતી. પોતાની જગ્યા પોતાનાં એકાંત માટેની દીકરાની માંગને પણ એણે તો કેવી હકારાત્મક રીતે જ લીધી હતી !

એક બેડરૂમમાંથી બે બેડરૂમનો ફલેટ એ પછી જ લઈ શકયા હતા ! દીકરાને પણ હવે પોતાનો અલાયદો ઓરડો હતો અને દીકરાના પોતાના જીવન અને વ્યવહાર વિશેના વિચારો પણ તો એવા જ અલાયદા હતા !

આ સત્યથી વાકેફ થતાં બહુ તકલીફ થઈ હતી ત્યારે-

એણે અત્યારે પણ વિચાર્યું, કંઈક લખે. એ કદી કદી મનની ન કહેવાયેલી વાતો ડાયરીમાં લખતા. હમણાં તો કંઈ જ લખાયું નહોતું. પોતાના ઓરડામાં ડાયરી શોધી રહ્યા હતા.

એવામાં -

દિવાલની આલમારીના મઢેલા ખાનામાંથી એક પેકેટ હાથમાં આવ્યું. પેકેટ બહાર કાઢી ત્યાં એની ઘરડી આંખો ચમકી ! કંઈક યાદ આવ્યું -

એકદમ ઝડપથી પેકેટમાંથી એક જોડી બૂટ બહાર કાઢયા બેઉ બૂટને જાણે કે ગજરો હાથમાં લેતા હોય એટલી કોમળતાથી હથેળીમાં લઈને એકીટશે નીરખી રહયા.

તેર ચૌદ વરસની વયના છોકરા માટેના એ બૂટ હતા. અત્યારે તો બહુ યાદ કરવા છતાંય આખી વાતનો તંતુ હાથ ન લાગ્યો તે ન જ લાગ્યો.

પરંતુ પેલું કહ્યું છે ને : બાતે ભૂલ જાતી હૈં, યાદેં યાદ આતી હૈં...! એની જેમ જ - યાદ આવ્યું તો ફકત એટલું જ કે... બહુ કરકસરથી પોતે પોતાના કોઈ અંગત ખર્ચમાં કાપ મૂકીને આ બૂટ દીકરા માટે લઈ આવ્યા હતા.

યુવાનીના ઉંબરે આવી પહોંચેલા દીકરાએ બાપની પસંદગીને જૂનવાણી ગણાવીને હસી કાઢી હતી. એનું કહેવાનું હતું કે... ડેડીને ખબર નથી પડતી કે અત્યારે માર્કેટમાં શું ચાલે છે ? અત્યારે ફેશનમાં કઈ વસ્તુ ઈનથિંગ છે ? છોભીલા પડી જઈને બાપે એ બૂટને ફરી પાછા પેકિંગની થેલીમાં મૂકી દીધા અને આલમારીમાં એવી જગ્યાએ મૂકી દીધા, જાણે કોઇ દિવસ યાદ જ ન કરવા હોય.

પણ એવું શકય બને કયારેય ?

આપણે જેને ભૂલી ગયા છીએ એમ માનતા હોઈએ એજ વાત સચવાયેલી સ્મૃતિમાંથી એકદમ કેવી સરી પડતી હોય છે...! અત્યારે એ વૃદ્ધ સાથે પણ એવું જ થયું.

તનતોડ મહેનત કરીને બે પૈસા કમાયા, અંગત અરમાનોને ભોંમા ભંડારી દઈને દીકરાને ભણાવ્યો, એની હા એ હા ને ના એ ના કરી. ઓવરટાઈમ કરીને પરદેશ ભણવા મોકલ્યો... અને -

હવે થોડાં વરસો પરદેશની હવાનો હેવાયો થયેલો દીકરો ફોન પર કહે છે કે : ડેડી... તમે લોકો હવે એ ઘરને વેચીને કોઈ ઓલ્ડએજ હોમમાં રહેવા જતા રહેજો. ઘરડા શરીરને કંઈ થાય કરે તો તમારું કરે કોણ ? કેમ કે હું તો હવે દેશમાં કાયમી રહેવાનો નથી.

ગઈ રાતે એ ફોનની વાતોથી વ્યથિત વૃદ્ધ અત્યારે અભાનપણે પોતાના જ ઘરમાં કઈ ચીજ સાથે અથડાઈ ગયો હતો. એની એને પોતાનેય કયાં સુરતા હતી ?

ઓરડાની અંદર આવીને ચૂપચાપ નજરે વૃદ્ધ પત્ની પોતાના પતિની આ હરકતને તાકતી કયારનીય ઊભી-ઊભી વિચારતી હતી..... કે બૂટે સર્જેલી શૂન્યતા - ખાલીપો અને અવકાશ હવે પોતાના પતિ અને પોતાની છાતી સુધી વિસ્તરી રહ્યા હતા કે શું ?

**(સંપર્ક :** મો.૯૯૨૫૦-૧૭૫૮૪)

| | |
|---|---|
| ગયે મહિને તમને મળ્યું : | **'પ્રેમની પૂર્ણતા (લઘુ નવલ)** |
| | **મૂ.લે. પર્લ બક, અનુવાદ અને સંક્ષિપ્ત : મુનિ દવે** |
| આવતે મહિને તમને મળશે : | **વિકાસનું ભૂત ત્યજી માનવ બનીએ** |
| | **લેખકઃ જ્યોતિભાઈ દેસાઈ** |

# ૩. પક્ષીદર્શનનો શોખ - સાથે ઘણું બધું !

પક્ષીદર્શનનો અદ્ભુત શોખ તમારા સ્વાસ્થ્ય અને સુખ માટે પણ લાભકારક છે. પક્ષીદર્શન કેવળ સૌંદર્ય દર્શન કરતાં ઘણું વધારે છે. ખાસ કરીને કોવિડના કપરા કાળમાં તમે આ સુંદર શોખને જ્યાં છો ત્યાંથી જ કેળવી શકો. આના અગણિત લાભ પર એક નજર નાખીશું ? તમે ચોક્કસ અચંબો પામશો અને દિમાગનાં દ્વાર ખૂલી જશે.

પ્રકૃતિની કદર : પક્ષી દર્શનનો શોખ કુદરત સાથેના સંવાદિતાપૂર્ણ જોડાણને ઉત્તેજન આપે છે. ખુલ્લી હવાનો અને વિટામિન ડીનો લાભ આપોઆપ જ મળે છે. પ્રાણીસૃષ્ટિ સાથે તમે જાણે વાતો કરતા થઈ જાઓ છો અને સમગ્ર રીતે પ્રકૃતિને ચાહવા લાગો છો.

ધીરજ : આ શોખ તાત્કાલિક સંતોષ ઈચ્છનારા લોકો માટે નથી. વિવિધ પક્ષીઓથી પરિચિત થવું એ ખાસ્સો અભ્યાસ માંગી લે છે. તે ક્યાં કઈ ઋતુમાં જોવા મળે એ જાણવું પડે અને ત્યારે ત્યાં સુધી પહોંચવાનો સમય કાઢવો પડે. આ બધું ન કરવું હોય અને તમારા ઘરની બાલ્કનીમાં કેવળ એક દૂરબીન લઈને બેસો તોપણ પક્ષીને યોગ્ય રીતે જોવા માટે તમારે ક્યારેક લાંબી ધીરજ ધરવી પડે. આવી ધીરજ ધરવાની ટેવ કદાચ તમને જીવનની કેટલીય પરિસ્થિતિઓમાં કામ આવે.

ગંભીર ચિંતન અને આંતર નિરીક્ષણ : પક્ષીદર્શનની આ પ્રવૃત્તિ 'ધ્યાન'ની નજીક પહોંચે છે. તમે સ્વાભાવિક રીતે જ રોજબરોજની જંજાળથી દૂર એકાન્તમાં હો છો અને લાંબા સમયની એકાગ્રતા આમાં જરૂરી બની જાય છે. વચ્ચે વચ્ચે તમને તમારા જીવાતા જીવનને માનસિક રીતે તપાસવાનો અને શાંત ચિત્તે વિચારવાનો અવસર પણ મળી રહે છે. આવું ધ્યાન મગજના સ્વાસ્થ્ય માટે અતિશય લાભકારક છે.

ઝડપી reflex : પક્ષીદર્શનના શોખીનો જાણે છે કે તેમને લાંબા સમયની નિષ્ક્રિયતા કે હલચલ વિનાની સ્થિતિમાંથી અચાનક જ એક ક્ષણને પકડી લેતાં શીખવું પડે છે. પક્ષી અચાનક જ જાણે ક્યાંથી તમારા દૃષ્ટિક્ષેત્રમાં ટપકી પડે છે અને તમારે એ ક્ષણને કેમેરામાં કેદ કરવી હોય છે કે બાઈનોક્યુલરથી એની ઝલક મેળવી લેવી હોય છે. તમારા reflex આથી ઝડપી બનતા જાય છે જે બીજા પ્રસંગોએ જેવા કે ડ્રાઈવિંગ, સ્કેટિંગ કે સ્કિઈન્ગ વખતે પણ તમને મદદ કરે છે. વળી ઘટાદાર ઝાડીમાં કે કોઈ ઊંચી ડાળે અચાનક આવી બેસતું પક્ષી કેટલીક વાર પોતાના આગમનના અણસારા અગાઉથી આપી દેતું હોય છે. આવા અણસારા ઝીલવા હોય અને જવલ્લે જ મળતી ક્ષણ વેડફી ન નાખવી હોય તો તમારે માનસિક રીતે અત્યંત સચેત રહેવું પડે છે. આવી માનસિક સચેતતાની ટેવ તમને અણધાર્યા પ્રસંગોએ આગોતરી સજ્જતા માટે ઘણી કામ આવી શકે.

હૃદયની તંદુરસ્તી : વધારે ઉત્સાહી શોખીનોને કેટલીક વાર કોઈ ખાસ પક્ષીની



શોધમાં બહુ રખડપટ્ટી કરવી પડે છે. મુશ્કેલ ભેખડ ઉપર કે ખીણમાં કોઈ અનુકૂળ સ્થાન સુધી પહોંચવું પડે છે. નિશ્ચિત રીતે આવા ધૂન-સવાર પક્ષીદર્શકોમાં અજાણતાં જ ખડતલતા અને સાહસિકતા કેળવાતી જાય છે, જે એમના હૃદય અને ફેફસાંને અનાયાસે જ તંદુરસ્તી બક્ષે છે.

સામૂહિકતાની ભાવના : પક્ષીદર્શન માટે તમે ભલે એકલા કે નાના ગ્રુપમાં નીકળી પડવાનું પસંદ કરો પણ તમને જોવા કે કેમેરામાં કેદ કરવા મળેલા દુર્લભ પક્ષીઓની વાતો કે ફોટા સમશોખીનો સાથે શેર કરવાનું કોને ન ગમે ? આવું હવે તો રૂબરૂ ઉપરાંત ઓનલાઈન પણ થઈ શકે અને તમારું સામાજિક કે મિત્રવર્તુળ વિસ્તરતું જાય, જે એક બાજુ સામાજિક સમરસતા ફેલાવે તો બીજી બાજુ તમને જિંદગીભરના મિત્રો બનાવવાની અને પછી મૈત્રીને ટકાવી રાખવાની હોંશ અને તક પૂરી પાડે.

સ્વીકાર : તમે ગમે તેટલા વ્યાકુળ, બેબાકળા થઈ જાઓ પણ કોઈક ગર્વીલું કે બેફિકર પક્ષી પોતાના પર તમારી તુચ્છ દૃષ્ટિ ન પડવા દે. તમને એક પળમાં હાથતાળી દઈ અલોપ થઈ જાય તેવું પણ બને. તમે ગમે તેટલા ઉત્સાહ અને મહેનતથી કોઈ દુર્લભ પક્ષીની ઉડતી મુલાકાત માટે તમારો પ્લાન બનાવ્યો હોય છતાં ક્યારેક ખરાબ મોસમ કે કેવળ કમનસીબ તમારા મનસૂબા ઉથલાવી દે. પક્ષીદર્શનના શોખીનોએ આ કટુ સત્ય સાથે જીવતાં શીખવું જ પડે. આવા અનુભવો તમને રોજિંદા જીવનની અનેક પ્રતિકૂળ બાબતો તરફ સમતાભરી દૃષ્ટિ રાખવાનું શીખવે અને સ્વીકારનું મહત્વ ઉજાગર કરે.

પ્રવાસ: પક્ષીદર્શનનો શોખ વધુ ઊંડા ઉતરતાં તમને પ્રવાસની ફરજ પાડે. સાચા શોખીનોને દુર્લભ પક્ષીઓની શોધમાં દુર્ગમ ટાપુઓમાં, ગાઢ જંગલોમાં કે ઊંચા પહાડો પર ભટકવું પડે. અરે, નવશોખીનોને કંઈ નહીં તો મોટા બગીચા, દરિયાકિનારા કે નજીકના ખેતર કે ઝાડી સુધી પહોંચવું જ પડે. આમ તમે પક્ષીદર્શકની સાથોસાથ સાહસિક પ્રવાસી પણ બનતા જાવ અને પ્રવાસના ફાયદા કાંઈ તમને જણાવવા પડે ?

તો હવે ક્યારે નીકળો છો એકાદ ચકલીબાઈને શોધવા માટે ? એ પણ આજકાલ તો દુર્લભ થઈ ગયાં છે ને !!

(ઈન્ટરનેટપરથી સંકલિત)

---

- કાંકરીચાળાના જવાબમાં લેખ રૂપી પથ્થરમારો કરવાને બદલે થોડા કાંકરીચાળા! લોકોને એવી સરકાર મળે છે જેવી તેમની લાયકાત હોય. થોડાક રૂપિયા અને દારૂમાં વેચાઈ જતા મતદારો તેમનો નેતા પક્ષ-પલટો કે ભ્રષ્ટાચાર ન કરે એવી અપેક્ષા રાખી શકે ? આપણા નેતાઓની વિશ્વસનીયતા કેટલી? કોઈ દાણચોર કે ગુંડો આક્ષેપ કરે કે તેણે પ્રધાનમંત્રીને કરોડો રૂપિયા આપ્યા છે અને પ્રધાનમંત્રી રદિયો આપે તો લોકો કોની વાત સાચી માને ? રાજ્યસભા જેવી ઉત્તમ પરિકલ્પનાને આપણે સંસદનો પાછળનો દરવાજો બનાવી નાખ્યો છે. આઈ.એ.એસ અને આઈ.પી.એસ અધિકારીઓ સામે મોટા ભાગના નેતાઓનો ટૂંકો પડતો હોય છે, જેને લીધે લોકશાહીના બદલે બાબુશાહી ફૂલેફાલે છે.
  જયેશ સાવલા

# એક પ્રવચન

## શમણાંની સ્વતંત્રતા

### મહાશ્વેતા દેવી



(1926-2016)

(ફ્રેંકફર્ટ પુસ્તક મેળો, ઑક્ટોબર, ૨૦૦૬ના ઉદ્‌ઘાટન પ્રસંગે મહાશ્વેતા દેવીએ કરેલા પ્રવચનના અંશો અત્રે પ્રસ્તુત છે.)

આજે ૮૦થી વધુ ઉંમરે હું ઘણી વાર ભૂતકાળની છાયાઓમાં ડોકિયું કરું છું. ક્યારેક પ્રકાશમાં પાછી ફરવાની હિંમત પણ કરું છું. મારી જિંદગી આગળ વધી છે અને પુનરાવર્તન કરી રહી છું. હું મારી જાતનું જ પુનરાવર્તન કરી રહી છું. જે બન્યું, જે છે અને જે બની શક્યું હોત, તે આપ સૌના માટે વાગોળી રહી છું.

૧૯૮૦થી આપણાં સૌથી વધુ સીમાંત અને શોષિત વર્ગ-આદિવાસીઓ, ભૂમિહીન ગ્રામીણો, જેઓ ભટકતા મજૂરો બની ગયા છે અથવા તો શહેરની ફૂટપાથો પર પડી રહ્યા છે, તેમના રોજિંદા અન્યાય અને શોષણને વ્યક્ત કરી રહી છું. વર્તમાનપત્રોના અહેવાલોમાં, પિટિશનોમાં, કોર્ટના દાવાઓમાં, કર્મશીલોના મંડળોની પ્રવૃત્તિઓ અને સમર્થન કરવામાં સહભાગી થઈને, પાયાની પત્રિકા 'બોરટિકા' કે જેમાં વંચિતો તેમની સચ્ચાઈ રજૂ કરે છે એના સંપાદન દ્વારા અને મારી સાહિત્ય કૃતિઓમાં ભારતના ઉપેક્ષિત વર્ગની નક્કર વાસ્તવિકતા દેશના ધ્યાન પર લાવવા કોશિશ કરું છું. રાષ્ટ્રની સત્તાવાર તવારીખમાં તેમના વિસ્મૃત અને અદૃશ્ય ઈતિહાસનો સમાવેશ કરવાનો પ્રયાસ કરી રહી છું. મેં વારંવાર કહ્યું છે કે આપણી આઝાદી, આપણી સ્વતંત્રતા ભ્રામક છે.

મહામુશ્કેલીથી મેળવેલી આઝાદીનાં પચાસ વર્ષ પછી પણ ખાદીની સાડી અને મિનિસ્કર્ટ અને બેકલેસચોળી એ જ ભારત છે. ભારત એટલે બળદગાડું અને અતિ આધુનિક ટોયેટો અને મર્સીડીઝ ગાડી. નિરક્ષરતા આપણો પીછો કરે છે ત્યારે એ જ ભારત ઔષધ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે કેવાં સ્ત્રીપુરુષો પેદા કરે છે ! આઠ વર્ષનાં બાળકો અકલ્પનીય પરિસ્થિતિમાં અથાક મહેનત કરે અને બાળમજૂરો તરીકે ગાળો ખાય છે, એ ભારત છે. બીજી બાજુ, આઠ વર્ષની ઉંમરનાં બાળકો જે વાતાનુકૂલિત વર્ગખંડોમાં તેમનો સમય પસાર કરે છે અને વિશ્રાંતિના સમયમાં મોબાઈલ ફોનથી વાતો કરે છે, એ પણ ભારત છે. સત્યમ, શિવમ, સુંદરમ, ચોલી કે પીછે ક્યા હૈ એ પણ ભારત છે. મલ્ટિપ્લેક્સ અને મેગામોલ પણ ભારત છે. મદારીઓ અને મહર્ષિઓ તે પણ ભારત છે.

ભારતીય સંસ્કૃતિ ઘણા તાણાવાણાનું પોત ધરાવે છે. આ વણાટ અને તેની ભાત અનંત છે. આ ભાત ક્યાંક કાળી તો ક્યાંક ઉજળી, ક્યાંક કેસરી તો ક્યાંક ડાંગરનાં હરિયાળાં ખેતરો જેવી લીલી, ક્યાંક લોહિયાળ તો ક્યાંક હિમાલયનાં ઝરણાથી શીતળ થયેલી તો ક્યાંક તળબૂચની ચીર જેવી લાલમલાલ છે. બંગાળમાં ક્યાંક પાનખરના આકાશ જેવી ભૂરી તો ક્યાંક હરણની આંખ જેવી જાંબુડી છે. નવી નવેલી દુલ્હનના સિંદૂર જેવી તો ક્યાંક ઉર્દૂના અક્ષરો જેવી તો ક્યાંક કન્નડ, ક્યાંક અસમી તો ક્યાંક મરાઠી મરોડવાળી



આ ભાત છે. આ ભાત બદલે છે, વહે છે, ખચકાય છે ફરીથી બને છે અને મોસમે મોસમે રૂપ બદલે છે. હું એ ભાતમાં એક ભારત જોઉં છું. તમે બીજું ભારત જુઓ છો. છાયા અને પ્રકાશની લીલા ચાલુ છે. ઈતિહાસ અને વર્તમાન અથડાય છે. વહેમ અને કલ્પના, રવિન્દ્ર સંગીત અને રેપ, સૂફી અને સુન્ની, જ્ઞાતિ અને કમ્પ્યુટર પણ છે. કથા અને ઉપકથા, હાસ્ય અને આંસુ, સરકાર અને વિરોધ પક્ષ, અનામત પ્રથા અને ક્વોટા, સંઘર્ષ અને કેદ, સફળતા અને સિદ્ધિઓ, હેમ્બર્ગર અને હેરિ ઓમ, સંસ્કૃત અને એસએમએસ, વરસાદની સોડમ અને સમુદ્રનો ધ્વનિ.

આ એક રૂપસંધાન છે. ઘણા ઘણા હાથોએ તે સિદ્ધ કર્યું છે અને સિદ્ધ કરી રહ્યા છે. મારો દેશ ફાટેલો, જર્જરિત, ગર્વિત, સુંદર, ઊષ્ણ, ભેજવાળો, ઠંડો, રેતાળ, ઊજળો, મંદ, શિક્ષિત, અસંસ્કારી, ઘાતકી. ભારત તેના ભાતીગળ સંસ્કૃતિ / સંસ્કારો, પ્રાચીનકાળથી લઈને આજ સુધી, એકવીસમી સદીમાં સિંધુ ખીણથી લઈને આજના બ્લ્યુટૂથ હેંડસેટ સુધી ઘણી બધી ઘટનાનો સાક્ષી છે. આપઘાત, પોલીસની હિંસાખોરી, ઉદ્યોગોએ નોતરેલી પર્યાવરણની આપત્તિઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓએ ખરીદી લીધેલી ખેતીની જમીનો, ઈતિહાસમાં અને સંજોગોમાં ચેડાં છતાં ભારત હજુ અસ્તિત્વ ધરાવે છે. તેની સંસ્કૃતિ હજુ પણ હયાત છે. આથી આપણે પણ હજુ છીએ. ભારતે ટકી રહેવાનું, જૂના સાથે નવાનું સંયોજન કરવાનું , હાથમાં હાથ લઈને નવી સદીનાં નવપ્રભાતોનાં નવલાં ગીતો ગાવાનું શીખી લીધું છે. ખરેખર આ એ જમાનો છે જેમાં જૂતાં જાપાની, પતલૂન ઈંગ્લિસ્તાની, ટોપી રુસી, છે. પરંતુ દિલ. દિલ તો ભારતનું જ છે અને રહેશે.

આપણે ભવિષ્યનો સામનો કરી રહ્યાં છીએ અને આ ગૌરવયુક્ત પ્રસંગે શ્રેષ્ઠ શ્રોતાઓ સમક્ષ મારા દેશની સંસ્કૃતિ વિશે બોલવાનું આમંત્રણ મળ્યું છે. હવે હું મારા એ અધિકારનો ઉપયોગ કરવા ઈચ્છું છું. હું એવા ભારતનું સ્વપ્ન જોઉં છું જેમાં મન નિર્ભય હોય અને મસ્તક ઊંચું હોય, જેમાં જ્ઞાન મુક્ત હોય, જેમાં સંકુચિત સ્થાનિક દીવાલોથી ખંડિત થયેલું વિશ્વ ન હોય, જ્યાં સત્યની ઊંડાઈએથી ઘોળાઈને શબ્દો ઊભરતા હોય, જ્યાં પૂર્ણતાની પ્રાપ્તિ માટે નિરંતર ઉદ્યમ થતો હોય, જ્યાં મૃત ટેવોની રેતમાં નિર્ભેળ બુદ્ધિ / તર્કનું ઝરણું સુકાઈ ગયું ન હોય. હું એવા ભારતનું સ્વપ્ન જોઉં છું જેમાં પછાત શબ્દ ક્યારેય પ્રયોજાય નહીં. હું ત્રીજું નહીં પરંતુ પ્રથમ વિશ્વ બનવા ઈચ્છું છું. બાળકો શિક્ષણ પામે એવું હું ઈચ્છું છું. હું ઈચ્છું છું કે મહિલાઓ જાહેર ક્ષેત્રમાં આવે. સામાન્ય મનુષ્યને-ખેડૂતને ટકી રહેવાનો ન્યાય મળે એવું મારું શમણું છે. ગરીબોને આશરો અને સૌને એક આશા મળે. હું ઈચ્છું છું કે કરજ-દેવા નાશ પામે, દરિદ્રતા ખતમ થઈ જાય. 'ભૂખ' એવો ભદ્દો શબ્દ બને કે કોઈ તેનો ઉચ્ચાર કરવાનું પણ પસંદ ન કરે. પર્યાવરણનું રક્ષણ થાય, તેને ચાહવામાં આવે અને તેનું પુનઃસ્થાપન થાય. ભૂમિ ફળદ્રુપ-રસાળ બને. જળ ફરીથી સ્વચ્છ અને પવિત્ર બને. વાઘનું અસ્તિત્વ જળવાઈ રહે. આત્મસન્માન અને આત્મનિર્ભરતાની મારી ઈચ્છા છે અને અંધશ્રદ્ધાની જંજીરોથી મુક્તિ મળે અને બધાને સમાન તબીબી સારવાર મળે એવું હું ઈચ્છું છું. દરેક વ્યક્તિને સૌ પ્રથમ વાંચતાં શીખવો. તેઓ તેમનાં નામ અને સરનામાં જાતે લખી શકે ત્યાં સુધી દરેક અક્ષર પર તેમનાં આંગળાં ફેરવો. તેઓ જાતે 'હું જાણું છું, હું કરી શકું છુ' એવું લખી શકે ત્યાં સુધી તેમને સહાય કરો. જ્ઞાનની મદદથી

અજ્ઞાન સામે આપણે લડી લઈએ. આપણે કલમની તલવારથી દુષ્ટનો વધ કરીએ. સતીઓ, દહેજ-મૃત્યુ, ગૌરવના કારણે થતી હત્યાઓ, દેહવિક્રયનો નાશ થાય તેમ હું ઈચ્છું છું. પોતાનાં જીવન બચાવવા માતાપિતાઓને તેમનાં બાળકોનું વેચાણ ન થવા દો. રાત્રિના અંધકારમાં બાળકન્યાઓના-ભ્રૂણના ગર્ભપાતો ન થવા દો. વંચિતો, શોષિતોને જગાડો. આ ભાત, આ પોતને સ્થાન આપો. આ નવા તાંતણાઓને વણી લો. તેમાં નવા રંગ ઉમેરો. ભાવિને સ્વતંત્રતાના સ્વર્ગ માટે પ્રજ્વલિત કરો. મારા ભારતને પુનઃ પુનઃ જાગવા દો. આ એક મહાન સ્વપ્ન છે. પરંતુ તે અશક્ય નથી.

ભારતીય સંસ્કૃતિની હું વાત કરું છું ત્યારે હું આ બધાની વાત કરું છું. સંસ્કૃતિ એક એવું તત્વ છે જે આપણને ભાવિમાં લઈ જાય છે. છતાં આપણને આપણાં મૂળ, પરંપરા સાથે અને આપણા વારસા સાથે જોડી રાખે છે. સંસ્કૃતિ આપણને હરણફાળ ભરવા દેશે અને ચંદ્ર પર પહોંચવા દેશે. પરંતુ તે પહેલાં આપણે આપણી જાતને સમજવા અને એકબીજાને જાણવા માટેના થોડાં કદમ ઊઠાવવાં જરૂરી બનશે. સંસ્કૃતિએ વધુ એક વખત સહિષ્ણુ અને સાચા અર્થમાં ધર્મનિરપેક્ષ બનવાનું યાદ કરાવવું પડશે.

મારા જીવન અને સાહિત્યમાં માનવ હોવું એટલે એકબીજાના હક્કો / અધિકારોનો ગૌરવ અને આદરપૂર્વક સ્વીકાર કરવો. આ મારી લડાઈ છે. આ મારું સ્વપ્ન છે.

(આભાર : અનુવાદક : શ્રી એન.પી. થાનકી, સૌજન્ય : રીડ ગુજરાતી કોમ)

## 'વિચારવલોણું' પરિવારનાં પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ | મૂ.લે.જિમ સ્ટોવેલ | રૂા. ૨૦/- |
| ૦૨ | પ્રેમ કરવાની શક્તિ | ડૉ. માર્ટિન લ્યુથર કિંગ-જુનિયર ભાવાનુવાદ અને સંક્ષિપ્ત મુનિ દવે | રૂા. ૪૦/- |
| ૦૩ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૪ | સ્વીકારથી ચમત્કાર | લેખક : વાયન ડાયર | રૂા. ૩૫/- |
| ૦૫ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૦૬ | જ્યોતિર્ગમય | આલ્બર્ટ આઈન્સ્ટાઈનના પ્રવચનો, લેખો અને પત્રો | રૂા. ૨૫/- |
| ૦૭ | કળાનો આસ્વાદ | સંપાદક : મુનિ દવે | રૂા. ૪૦/- |
| ૦૮ | સત્ય અને સૌંદર્ય | લેખક : એસ. ચંદ્રશેખર | રૂા. ૪૫/- |
| ૦૯ | પેપરક્લિપ્સ | રસીલા કડિયા | રૂા. ૪૦/- |
| ૧૦ | ક્ષુલ્લક બાબતોમાં સમય ન વેડફો | મૂ.લે. રિચાર્ડ કાર્લસન | રૂા. ૬૦/- |
| ૧૧ | આયુર્વેદના પાયા | લે. બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫/- |
| ૧૨ | ડૉ. વિક્રમ સારાભાઈ | સંપાદન - ડૉ. પદ્મનાભ જોષી - મુનિ દવે | રૂા. ૪૫/- |
| ૧૩ | સારું કામ | લે. હાવર્ડ ગાર્ડનર, મિકેઝટ મિલહાઈ, વિલિયમ ડેમન | રૂા. ૪૫/- |
| ૧૪ | ભારતીય મનોવિજ્ઞાન | લે. ભાણદેવ | રૂા. ૪૫/- |
| ૧૫ | ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા | વિમલા ઠકાર | રૂા. ૫૦/- |
| ૧૬ | મૃત્યુનો ઉત્સવ | મૂળલેખક : મીક આલ્બોમ ભાવાનુવાદઃ દર્શા કિકાણી | રૂા. ૫૦/- |
| ૧૭ | વાર્તામેળો | સંપાદક : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૧૮ | વાર્તામેળો -૩ | સંપાદક : દર્શા કિકાણી | રૂા. ૪૫/- |



# પુસ્તક પરિચય



## 'ભાઈ' - એંજલ્સનો ધબકાર

**રસીલા કડિઆ**

આજે હું તમને મને ખૂબજ ગમેલા, વાંચનારના મનને પોઝિટિવ ઊર્જાથી સભર બનાવે તેવા એક પુસ્તકની વાત કરવા માગું છું. પુસ્તકનું નામ છેઃ 'ભાઈ' — એંજલ્સનો ધબકાર. એંજલ્સના સ્વાનુભવોને શબ્દોમાં ઉતાર્યા છે, બારમું ધોરણ પાસ કરનાર એક જલ્પા નામની ગૃહિણીએ. 'હું શું લખું?'ના પૂરોવચનમાં જલ્પાનો અહોભાવ અને ભાઈ તરફની ભક્તિ પ્રગટ થઈ છે. દરેક એંજલની મુલાકાત લઈ, તેમના સ્વાનુભવની કથા જલ્પાએ પોતાના શબ્દોમાં એવી રીતે કહી છે કે દરેક એંજલે અનુભવેલ 'ભાઈ'ના ઑરાનો, ઊર્જાનો પારસ સ્પર્શ વાચકના મન અને ચિત્તમાં સંક્રાન્ત થાય છે અને વાંચીને બોલી ઊઠે છે કે 'ઓહ! આ યુગે પણ આવાં દુર્લભ રત્નો છે જે આવી રીતે માનવ સેવા કરે છે!'

તમને થશે કે આ 'એંજલ્સ' એ કેવું નામ? અને 'એંજલ્સ'ની સેવા હોય? તો તમને આની વાત કહું.

અત્યંત સંવેદનશીલ અને લાગણીશીલ વ્યક્તિત્વના ધારક એવા રૂપેશની આ વાત છે. તેની સંવેદનશીલતા વાંઝણી નથી. એ તો તમે અહીં દર્શાવેલા ફોટા દ્વારા પ્રમાણી શકશો. રૂપેશ માને છે કે કોઈ પણ જીવ ક્યારેય બાપડો, બિચારો કે નિઃસહાય હોતો નથી. કર્મબંધનોને આધીન જીવની પરિસ્થિતિ હોય છે. એટલે બાપડા, બિચારા જેવા ઉદગારો રૂપેશને કઠવા લાગ્યા અને એણે આવાં કર્મોની સતામણીનો ભોગ બનેલા જીવોને 'એંજલ્સ' નામ આપ્યું. સત્કાર્યની ઈચ્છા ધરાવનારને સત્કાર્ય કરી શકાય તેવી તક આપનાર એ 'ઈશ્વરનો દૂત' 'એંજલ' જ હોય તેવું રૂપેશ માને છે.

સેવાકર્મીઓ તો ઘણા હોય છે અને પોતાની નિશ્ચિત સીમારેખામાં રહીને આર્થિક કે શારીરિક મદદ કરતા હોય છે. કોઈ વળી સમય આપીને સેવા કરે છે. પણ રૂપેશ 'એકે હજારા' છે. એની સામે એંજલ આવે ત્યારે માત્ર આર્થિક મદદ કરીને અટકી જતો નથી, તેની શારીરિક, પારિવારિક અનેક મૂશ્કેલીઓને પામી જઈ, તેને દૂર કરી, એનું સંકટ દૂર કરે ત્યારે એ એની સત્યનિષ્ઠા, રમૂજવૃત્તિ, લાગણી, પ્રાર્થના દ્વારા પ્રેરણાસ્રોત બની તે પરિવારનો દીકરો, ભાઈ, સહાયક, પિતા બની ગયેલ હોય છે. એટલું જ નહીં પણ દરેક એંજલની અંદર પડેલી ક્ષમતાઓને ઓળખી, તે માટે સભાન બનાવે, સક્રીય બનાવે અને જીવનના ડર, અણગમા પ્રત્યેનો અભિગમ બદલાવીને રહે. એનો સ્પર્શ પારસસ્પર્શ છે. એનો ભેટો જે એંજલ સાથે થાય તેની મૂશ્કેલીઓ તો દૂર થાય જ, સાથે સાથે તે એક નવી — પોઝિટિવ એનર્જીવાળી વ્યક્તિ બની, પોતાની આસપાસ એ ઊર્જા રેલાવતી રહેતી હોય.

ટિફિન સેવાથી સત્કાર્યની શરૂઆત થઈ. પછી જરૂરતમંદોને અનેક જરૂરી વસ્તુઓ

આપતાં સત્કાર્યની સફરનો દોર ચાલુ થયો અને દીવામાંથી દીવો પ્રગટતો ગયો. સૌ એંજલ્સ પરિવારના દોરે બંધાયા — એમનાં ગેધરિંગ તથા પીકનીક કે પ્રવાસ થકી નિરાધાર, નિઃસહાય લોકોને દવાખાનાથી માંડીને મધર ટેરેસા તથા ઘરડાઘર સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથમાં લેવાયું. ઈશ્વરે એને સરસ કંઠ આપ્યો છે. આવી અનેક સંસ્થાઓમાં જઈ, સંગીતની મહેફિલ ગોઠવી, નીરસ ચહેરાઓને પ્રફુલ્લિત કર્યા છે અને કર્યે જાય છે. એમના એંજલ્સ ગ્રૃપમાં તો સંગીત મહેફિલ હોય જ, વળી સત્કાર્યનો દોર ચાલતો હોય ત્યારે હતોત્સાહ, હારી ગયેલ જીવને એની પ્રેરણાત્મક વાણી તથા સંગીત દ્વારા નવચેતના જગાડતો જોવા મળે છે. હવે તો એની સરસ મજાની ટીમ બની છે અને કેટલાક એંજલ્સ જ એના સહાયક બન્યા છે.

આ પુસ્તકમાં અઢાર એંજલ્સે પોતાની વાત કહી છે. આજે આ સંખ્યા બાવનથી વધુ છે. લેખિકા જલ્પા કહે છે કે હજુ બે પુસ્તકો આ વાત કરવા જોઈશે.

પુસ્તકમાં એંજલ્સને પાયેલા સદગુણોની પરબમાંથી થોડું મીઠું જળ વહેંચી, પુસ્તક કર્મ સંજોગે ન વાંચી શકનારની પ્યાસ બુઝાવવા 'ભાઈ'ના ઉમદા વિચારો ટાંકી પ્રયાસ કર્યો છે, જેવા કે;

''જે જરૂરિયાતમંદ છે એ કર્મોને આધીન છે. એમનાં માન-સન્માનને પ્રાથમિકતા આપજો. એમના માટે બિચારા જેવા શબ્દોનો ક્યારેય ઉપયોગ કરશો નહીં.''

''આપણા મનમાં આ સુંદર વિશ્વની કોઈપણ વ્યક્તિ પ્રત્યે નફરત કે નકારાત્મક લાગણી ન ઉદભવે એ જોવાની આપણી નૈતિક ફરજ છે.''

કમરનો છેલ્લો મણકો તૂટી જતાં કમરથી નીચેના ભાગે પેરાલિસિસ થઈ જતાં નિરાશાના ઘોર વાદળોમાં ડૂબી ગયેલી રૂપાલીને આર્થિક સહાય માત્ર નહીં, પણ હોસ્પિટલના ધક્કા, ફિઝિયોથેરેપી અને ડોક્ટર કહે કે, 'આ કેસમાં હવે કશું થઈ શકે એમ નથી' તે સાંભળ્યા પછીયે, 'હું સો ટકા ચાલતી થઈશ'નો આત્મવિશ્વાસ પેદા કરાવી એક્યુપ્રેસરની ટ્રીટમેન્ટ ચાલુ કરાવી, પ્રાણિક હીલિંગ કરાવ્યું અને માનસિક વિકલાંગ બનવા દીધી નહીં. કોઈ ટ્રસ્ટના દાતા વિકલાંગોને પ્રવાસે લઈ જનાર હતા પણ ઈચ્છા ધરાવતી રૂપાલીને રૂપેશે કહી દીધું - 'એ તો વિકલાંગોને લઈ જાય છે. તું ક્યાં વિકલાંગ છે?' 'તારે તો આ બધા વિકલાંગોની સેવા કરવાની છે. તારે માનસિક વિકલાંગ બનવાનું નથી.' એની ક્ષમતા ઓળખાવી. એની પાસે શો પીસ, અવરગંડિનાં ફ્લાવર જેવી વસ્તુઓ બનાવરાવી, વેચાણ ગોઠવી આપ્યું. રૂપેશ દરેક એંજલની મદદ કર્યા બાદ તેઓએ સેવા કરવાની તક આપી છે એમ જણાવી નતમસ્તકે આભાર માને છે.

'હંમેશાં પોતાની જાત માટે કંઈ કરવા કરતાં બીજા માટે કંઈક કરીએ તો જીવન જીવવાનું લેખે લાગે અને આપણી પ્રસન્નતા બમણી થઈ જાય.' 'ભાઈ'નો આ સિદ્ધાંત અમે ચોક્કસપણે અમારાં જીવનમાં ઉતારી દીધો છે'' એવું માનસી એંજલનાં માતા-પિતા જણાવે છે.

ક્યારેક કોઈ એંજલ કોઈની નિંદા કરે તો રૂપેશ એને આ રીતે સમજાવેઃ ''આપણાં જીવનમાં જે કંઈ તકલીફો કે પીડા હોય, કોઈની સાથે અણબનાવ થાય, આ બધું કર્મોને આધીન છે. માટે સૃષ્ટિ પરના તમામ જીવોને હંમેશા માફ કરતાં શીખો. અંતરના કોઈપણ ખૂણે રહેલ નકારાત્મક લાગણી કે પૂર્વગ્રહને તમારા માનસપટથી તિલાંજલિ આપી દો.''



ચાર વર્ષની મુસ્લિમ આલ્યાએ મા-બાપની છત્રછાયા ગુમાવી. તે ટીબી જેવા રોગથી પીડાય છે ત્યારે રૂપેશ એનો પાલકપિતા બને છે.

દરેક એંજલને શીખ આપતાં રૂપેશ જણાવે છે કે ''મદદની જરૂર છે તો જરૂર હસતાં હસતાં લો. પણ આ મદદને આદત ન બનાવશો. જરૂર પડે તો ઋણ લો, પણ ઋણ ન ચડે તેનીયે તકેદારી રાખો. બીજા એંજલને મદદ કરી માનવતાની સાંકળ રચો.''

ધોળકાથી થોડે દૂર પીસાવાડામાં રહેતા કૈલાસબહેનનું ઓપરેશન કરાવેલું. આ મદદ દરમ્યાન ત્રણે બાળકો-દિકરા-દીકરીના અભ્યાસ માટે પ્રવૃત્ત થયેલા. દીકરી અર્ચના અમદાવાદ સાયન્સમાં બારમું પાસ કરી નર્સ બની. દિકરો સંજય વિદ્યાપીઠમાં કૃષિનું ભણ્યો. ગીરવે મૂકેલ ખેતર છોડાવરાવ્યું. ઓર્ગેનિક ખેતીની તાલીમ આપી. મીરાં નામે ગાય આપી. રૂપેશે પશુપાલન અને ખેતીનું જ્ઞાન મેળવી સંજયને આ ક્ષેત્રમાં તૈયાર કર્યો અને બધી રીતે કુટુંબ સેટ થતાં સંસ્કાર સિંચન કરતાં કહ્યું : ''સુખમાં અભિમાન ન કરવું. લોભ લાલસામાં આવી દૂધમાં પાણી નાખવાનો વિચાર સુદ્ધાં ન કરવો. ઈશ્વરની આ દુનિયામાં આપણે સૌ એક લાગણીના સંબંધે બંધાયા છીએ.''

મને લાગે છે કે અહીં હું અટકું. પુસ્તક વાંચવાનું મન થાય તો સંપર્કસૂત્ર નીચે પ્રમાણે છે.

લેખિકાઃ જલ્પા એંજલ. અમદાવાદઃ એંજલ ટ્રસ્ટ. ફોનઃ ૯૩૨૭૦ ૧૪૭૨૫

---

## અગત્યની સૂચના

''વિચારવલોણું પરિવાર'' નો એકાઉન્ટ નંબર, IFSC Number તથા MICR કોડ બદલાઈ ગયેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

New A/c. No : 29760100025841.
New IFSC : BARB0LAWAHM
New MICR : 380012067

**ખાસ નોંધ : જે ગ્રાહકોએ ઓનલાઈન કે ડાયરેક્ટ બેંકમાં ચેક અથવા તો રોકડેથી લવાજમ ભરેલ હોય તે તમામ ગ્રાહકોએ પૈસા જમા કર્યા બાદ પૈસા ભર્યાની પહોંચ ઈ-મેઈલ દ્વારા અથવા તો વિચારવલોણાની ઓફિસે અચૂક મોકલવી જેથી કરીને અંક મોકલવામાં સુગમતા રહે.**

## યોગ અને લોકડાઉન

લોકડાઉન દરમિયાન આચાર્ય રજનીશનું 'પતંજલિ યોગસૂત્ર' વાંચ્યું. લોકડાઉન પૂરું થતા સુધીમાં મને બ્રહ્મજ્ઞાન લાધી ગયું. મને અષ્ટાંગ યોગ સહજ સિદ્ધ થઈ ગયો છે. ચાલો તમે પણ વાંચો. તમને પણ એ વાતની ખાત્રી થઈ જશે કે આ વાત તમારે માટે પણ એટલી જ સાચી છે. અત્યાર સુધી દેશમાં સાત ખોટના એક જ યોગી હતા. હવે આપણે બધા યોગી થઈ ગયા. તમે કૈવલ્યની અવસ્થાને પામી ચૂકયા છો. વાંચતી વખતે એટલું ધ્યાન રાખજો કે જ્યાં પતંજલિ નામ આવે ત્યાં સરકાર વાંચજો- તે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે પોલીસ હોઈ શકે.

યોગ તમારી પાસેથી વધારે વયસ્ક હોવાની વધારે પરિપક્વ હોવાની અપેક્ષા રાખે છે. પતંજલિ તમને કોઈ આશા નથી આપતા. તે વિચારે છે કે તમે પરિપક્વ છો અને કોઈ રમકડાં તમને મદદ નહીં કરે. જે કોઈ અવસ્થા છે તેનાથી જાગરૂક થવાનું જ ઈષ્ટ છે.

અત્યાર સુધી તમે અવ્યવસ્થામાં, એક ભીડની માફક જીવ્યા છો. યોગનો મતલબ છે કે હવે તમારે લયબદ્ધ બનવું પડશે. તમારે એક બનવું પડશે. એકજૂટ બનવાની, કેન્દ્રીકરણની આવશ્યકતા છે અને તમે જો એક કેન્દ્ર નથી પામતા તો જે કંઈ તમે કરો છો તે વ્યર્થ છે. પહેલી આવશ્યકતા છે કેન્દ્રબિંદુ, જેને અસ્તિત્વમૂલક વસ્તુતા (Existential Reality) કહે છે.

જ્યાં સુધી તમે આ જીવનથી, જીવવાના ઢંગથી પાર નથી જતા, ત્યાં સુધી તમે જાણી નહીં શકો કે આનંદ શું છે ? આ કેન્દ્રીકરણની પ્રક્રિયાને જ પતંજલિએ અનુશાસન કહ્યું છે. અનુશાસનનો મતલબ છે હોવાની ક્ષમતા, શીખવાની ક્ષમતા, પરંતુ જ્યાં સુધી તે શીખી નથી શકતા, જાણી નથી શકતા, ત્યાં સુધી તમે સ્વકેન્દ્રિત નથી થતા.

પ્રત્યાહારથી ઈન્દ્રિયો અને વિષયોની વચ્ચેના સંબંધોમાં દબાણ માત્રનો અંત આવે છે. હવે તમે મોજમજા તરફ દોડતા નથી. જરૂર પૂરતો જ સ્પર્શ... ભૂખ લાગે ત્યારે જ ખાવાનું.... જરૂર પૂરતું જ બોલવાનું કે સાંભળવાનું.

વસ્તુઓ તમારી ચારે બાજુએ છે તમે વસ્તુઓથી ઘેરાયેલા છો તમે એને જુઓ છો પણ એના તરફ હવે હેતુપૂર્વક જોતા નથી. તમે માનવોથી ઘેરાયેલા છો પણ તમે એને હેતપૂર્વક મળતા નથી. તમે ઘેરાયેલા છો છતાં સંબંધિત નથી. બીજી વ્યક્તિની માફક જ તમે જીવો છો પણ જીવવાની આ યૌગિક શૈલી છે. ભૌતિક સ્તરેથી દૂર ગયા વગર આ રીતે એકાકી બનવું, શારીરિક સ્તરે સંતુષ્ટ હોવું, ભૂતકાળની અને ભવિષ્યની પકડમાંથી મુકત થતાં, સ્મૃતિઓ, આશાઓ, વાસનાઓની પકડમાંથી મુકત થતાં ચેતનાની જે અવસ્થા આવે છે તેને ધ્યાનાવસ્થા કહે છે. કૈવલ્યનો અર્થ થાય છે એકલો, તદ્દન એકાકી. જ્યારે આવું એકાકીપણું જીવનમાં જીવાય છે ત્યારે કૈવલ્યની અવસ્થા પ્રાપ્ત કરવાની વસ્તુ નથી. તે આપણા આધારનું અસ્તિત્વમૂલક તથ્ય છે. તેના ઉપર સંસ્કારોનું આવરણ આવી ગયું છે. તેને મુક્ત કરવાનું છે, એને શોધવાનું છે, અનાવૃત કરવાનું છે. એમાં કંઈ પણ મેળવવાનું, પ્રાપ્ત કરવાનું, કબજે કરવાનું કે એના વિષે ચિંતા કરવાપણું નથી.

શું લાગે છે ? કૈવલ્યની કક્ષાએ પહોંચી ગયા છો કે નહીં ? ના ન પાડશો, નહીંતર લોકડાઉન એક વધુ મહિના માટે લંબાઈ જશે.





- ઘણા વખત પછી ગમી જાય એવા શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરનું પુસ્તક રૂપે વાંચન કરવાનું થયું. નાનાભાઈ જેવા એક તપસ્વીએ ગુજરાતમાં આજથી ૧૧૦ વર્ષ પહેલાં કેળવણીનો પ્રયોગ અને પદાર્પણ કરીને જે ક્રાંતિની મશાલ ચેતાવી એને પગલે ગિજુભાઈએ બાલમંદિર દ્વારા એને અધિક ઊર્જસ્વી અને તેજસ્વી બનાવી. એ આખી વાત ખુબ સુંદર અને સચોટ રીતે કરીને એ કાળને જીવતો કરીને એ ભાવ જગત ખડું કરી દીધું છે. બાલમંદિરની વિભાવનાનું રહસ્ય પાના નંબર ૨૨ની પરિસ્થિતિમાં રહેલું છે અને ઉગ્ર બાલવાત્સલ્યમાંથી તેજસ્વિતા પ્રગટી છે. અમે અહીં યથાશક્તિ શિક્ષણ-લોકશિક્ષણ / કેળવણી-લોકકેળવણીનું કામ કરીએ છીએ. લાગે છે કે પુસ્તિકા ઉક્ત કામમાં ખૂબ ઉપયોગી બની શકે. શિક્ષક સમુદાયને આ પુસ્તિકાનો પરિચય કરાવવાની જરૂર લાગે છે. દિનેશ સંઘવી, ગ્રામ સ્વરાજ સંઘ નીલપર, રાપર
- કશુંક મન ઝંખે અને એ મળે તો દિલ બાગ-બાગ થયા વિના રહે ? વિચાર વલોણું પરિવારની વિવિધ વિષયોની પુસ્તિકાઓની સામગ્રી દિલો દિમાગને તાજી હવાથી ફરી સભર બનાવી દે છે. અને બોલો તમે કોઈ વસ્તુને જાણવા માગતા હો અને જે હવાનો તમે સ્પર્શ પામવા માંગતા હો તેવી હવાનો સ્પર્શ પામેલાઓની ટૂંકી મુલાકાતમાંથી સાંભળેલી વાતોએ તમને એ વિશે વધુ ને વધુ જાણવા પ્રેર્યા હોય અને એ સમયે જ તમને એ વિશે જાણી શકાય તેવી પુસ્તિકા સાંપડે તો થતા આનંદની તમે કલ્પના કરી શકો છો ? હું વાત કરું છું શ્રી અશોક પંડ્યા લિખિત પુસ્તિકા શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરની અને બોલો, નસીબ તો કેવું કે એક મિત્ર તરફથી હમણાં રમેશ સંઘવી લિખિત પુસ્તક ગ્રામ દક્ષિણામૂર્તિ મળ્યું. આત્મકથાના અભ્યાસ દરમિયાન 'ઘડતર અને ચણતર' વાંચીને ભાવનગર જઈ આ સંસ્થા જોવાની ઝંખના પણ વ્યવસાય અને ગૃહજીવનની વ્યવસ્થાઓ કરીને હજુ બર નથી આવી. પીએચ.ડી. કરતી વખતે સહપાઠી દીવા પાંડે સણોસરા ભણી હતી તે જાણેલું. પણ જાણ્યા પછી એ વિશે કશી વાત થઈ નહીં અને એટલે આટલાં બધાં વર્ષો બાદ આ સુયોગ આવ્યો. ખાસ તો એટલે કે મારા દીકરાને કંપની મળે તે કાજે 'ફરતી ફૂલવાડી'ની પ્રવૃત્તિમાં બાળકો સાથે કરેલા મારી પોતાની સુઝ સમજ સાથેના પ્રયોગો કંઈક આના અંશ જેવા હતા. આજે મારો રાજીપો વ્યક્ત કર્યા સિવાય રહી શકતી નથી. રસીલા કડિઆ
- અભિનંદન.. અભિનંદન.. અભિનંદન. આપે એક મોટું સેવાકીય કાર્ય કર્યું છે. આટલાં પુસ્તકો તો વાંચવા જ જોઈએ તેવી નોંધ સાથે એમિટી શાળા પરિવાર (ભરૂચ)ને આ પુસ્તકો વહેંચીશું. હરેશભાઈની પુસ્તકોની પસંદગી કાબિલેદાદ છે. મજા આવી ગઈ. શ્રી મુનિભાઈ અને વિચારવલોણું પરિવારને પણ અભિનંદન.

  રણછોડ શાહ, વડોદરા
- તમે બહુ સરસ પુસ્તક આપ્યું. નજરકેદમાં રહ્યાનો થાક ઉતારી દે તેવા એક એકથી ચડે તેવાં પુસ્તકો તમે આપે રાખો છો એ માટે તમારી આખી ટીમને અભિનંદન આપું છું. બે-ત્રણ મિત્રનાં સરનામાં અને લવાજમ મોકલું છું. તેમને આ પુસ્તક પહોંચાડશો.

  ધનસુખ શાહ, પુના

- ભારતનાં અનેક મંદિરોમાં ચોવીસે કલાક દીવાઓની અખંડ જ્યોત પ્રકાશમાન રહ્યા કરે તેવી સહેતુક વ્યવસ્થા હોય છે. આનો સૂક્ષ્મ અર્થ છે ભક્તોના અંતરમાં પરમાત્માના દૈદિપ્યમાન સ્વરૂપનાં દર્શન. તે જ રીતે શ્રેષ્ઠ પુસ્તકોનું વાંચન-ચિંતન-મનન આપણા અંતઃકરણમાં અજવાસ પાથરવાનું યજ્ઞ કાર્ય કરે છે. ભારતની અનેક ભાષાઓમાં સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિ વણથંભી ચાલ્યા કરે છે, પણ તે પૈકી જીવનમાં આત્મસાત કરવા જેવા ચગળવા લાયક પુસ્તકોની માહિતી તમામ વાચકોને ઉપલબ્ધ હોતી નથી. આ પ્રકારનાં પુસ્તકોનો રસાસ્વાદ કરાવીને આપણી વાંચન ક્ષિતિજો વિસ્તારીને, વિકસાવીને, જીવનમાં ધન્યતાનો અનુભવ કરતા રહીએ.

  પ્રવીણચંદ્ર વડોદરા, Mob:9426461090

- પુસ્તકોનું ઉપવન પુસ્તક તો બહુ સરસ છે જ પણ તે સાથે હું એના મુખ્ય પૃષ્ઠની ડિઝાઈનથી બહુ પ્રભાવિત થઈ ગયો. તે માટે ખાસ નિર્મલભાઈને અભિનંદન આપવા છે. મારી પાસે ઘણાં પુસ્તકો છે. કાશ, આવી લાઈબ્રેરી હું પણ બનાવી શકું !

  ભાવિન શેઠ, (નીલમ) જામનગર

- શ્રી હરેશ ધોળકિયાએ પુસ્તકોના ઉપવનમાંથી ચૂંટી ચૂંટીને બનાવેલ ગુલદસ્તાની સુવાસ અમારા સુધી પહોંચાડવા બદલ ખુબ ખુબ આભાર. વાંચન તરસ્યા વાચકોને ઉપવન સુધી દોરી જનાર આપ બંનેને આંગળી ચિંધ્યાનું પુણ્ય જરૂર મળશે. વળી પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન અને કિંમત પણ જણાવીને તો ખરેખર ખૂબ જ પ્રશંસનીય કામ કર્યું છે. વધુ ને વધુ આવાં જ ઉપકારક કાર્યો કરતા રહો તેવી શુભેચ્છાઓ.

  ડૉક્ટર શુભા દેસાઈ, અમદાવાદ

- તમારી નિવૃત્તિની નોંધ વાંચી. બહુ દુઃખ થયું. તમે બધાં જે નિષ્ઠાથી કામ કરો છો તેવા લોકો મળવા મુશ્કેલ છે. રજનીભાઈ વ્યાસે કેટલાંક વર્ષો 'રમકડું' ચલાવ્યા પછી છોડ્યું. અને તેને એક આર્થિક રીતે માતબર કંપનીએ હાથમાં લીધું, પણ તે પછી એક વર્ષમાં બંધ થયું. તેવું જ એક વિજ્ઞાનદર્શન સામયિકનું પણ થયેલું.

  સરોજબેન વ્યાસ અમદાવાદ

- નવા અંકમાં 'અમારી આસપાસનું પક્ષીજગત' લેખ વાંચવાની બહુ મજા પડી. કાગડાની, કાબરની અને કબૂતરની સરસ વાતો કરી છે. મારા એક અનુભવને આધારે એક વાત કહેવાની, ખાસ તો તમને અને તે દ્વારા વાચકોને ચેતવવાની તક લઉં છું. અમારા કુટુંબની એક દીકરીને દમનો રોગ થયો અને તેમાં તે અવસાન પામી. ડૉક્ટરોના કહેવા મુજબ કબૂતરની હગાર દમનો રોગ લાવે છે અને તેને કારણે દીકરીને દમ થયેલો. આમ કબૂતરો મૃત્યુનું કારણ બન્યાં. માટે કબૂતર ઘરમાં ન આવે તેનું ધ્યાન રાખો.

  ધનસુખ શાહ, પુણે

- તમારો પક્ષીઓ વિશેનો લેખ વાંચી કાકાસાહેબ યાદ આવી ગયા. નક્કી એ સમયે કાકાસાહેબનો આત્મા તમારી આસપાસથી પસાર થયો હોવો જોઈએ. તમને તેમનું પુસ્તક 'ઓતરાદી દીવાલો' મોકલું છું. તમને વાંચવું ગમશે.

  કપિલભાઈ ઓઝા અમદાવાદ



## ● કાંકરીચાળો ●

### હર મૌજ અબ તો ઠહર હી ચૂકી હૈ!

પૈસાને પાણીની જેમ ન વપરાય- એ કહેવત તો જાણીતી છે જ, પણ હવે 'પાણીને પૈસાની જેમ વપરાય' એ કહેવત પણ ચલણમાં લાવવી પડશે. આ તો માત્ર પાણીની વાત થઇ, બીજી વસ્તુઓનું શું? એમનું પણ એમ જ ? શાયર બશર નવાઝની ક્ષમાયાચના સાથે એક શબ્દફેર કરીને- 'કરોગે બાત તો હર 'ચીજ' યાદ આયેગી, ગુજરતે વક્ત કી હર મૌજ ઠહર જાયેગી' ! આ શું છે- હર 'ચીજ' કહેતાં? ગુજરતે વક્તની હર મૌજ હવે 'ઠહર જાયેગી નહીં', ભવિષ્યની વાત છોડો બાબા, આપણી હર મૌજ આમ તો ઠહર હી ચૂકી હૈ! ઈતના હી નહી, કહર ભી મચા ચૂકી હૈ! એનું હાથવગું તાજું દૃષ્ટાંત છે, ઉત્તરાખંડની હમણાંની તબાહી! સમગ્રતયા કહીએ તો જલવાયુ પરિવર્તન- જ. વા. પ., જેની વાત આજથી એકાદ વરસ પૂર્વે મે- ૨૦૨૦માં આ સામયિકના માધ્યમથી કરેલ, જેની માત્ર ઈ-કોપી જ થઈ શકેલ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે. આજે જ. વા. પ.ની યથાતથ પુનરોક્તિ નથી કરવી, પરંતુ એ કહરકહાણી- કરમકહરના વધુ મૂળમાં જવું છે.

ન્યુયોર્ક યુનિવર્સિટીના પ્રોફ. ક્રિસ્તિઅન પેરેંટી- Christian Parenti તેમના પુસ્તક Tropic of Chaos: Climate Change and the New Geography of Violence માં કહે છે કે, 'ખેડૂતોના આપઘાતો તેમજ નક્સલવાદી હિંસા પણ જ. વા. પ. નું દુષ્પરિણામ છે,' કઈ રીતે- તો એમાં ઊંડા ઊતરવું પડે. એનું સૌથી પ્રબળ કારણ છે- કુદરતી સંસાધનોનો બેફામ લૂંટ- વપરાશ, જે સૂચવે છે કે આપણો કહેવાતો વિકાસ એ તો તકલાદી છે, ટકાઉ નથી, બિન-સલામત પણ છે. આનો થોડો ફોડ પાડવા 'એક વાતની સો વાત' એમ ઘા કરીને દીપક સોલિઆ કહે છે કે, 'મારી પાસે ચિક્કાર પૈસો હોય અને એ પૈસા વડે હું સેવા ખરીદું ત્યાં સુધી તો જાણે સમજ્યા, પરંતુ લોકો પાસે પૈસા વધતા જાય તેમ તેમ તેઓ વસ્તુઓની ખરીદી પણ વધારતા જાય તો એમાં એક ગંભીર લોચો છે.' આ એક ઊંડી અર્થ ગંભીર વાસ્તવિકતા આખરે છે શું ? ગાંધીજીએ હિંદ- સ્વરાજ્યમાં જે કહ્યું એની પ્રતિકૃતિ છે? અને એમ આ તબક્કે કહેવાનું કારણ પણ શું છે? અને પાછું હવે કરવું પણ શું? ડી- ગ્રોથ? Back to square? ઓશોના અધ્યાત્મદર્શી પુસ્તક 'ચલ સજન અબ ઘર ચલે'ને થોડા જુદા સંદર્ભે જોઈએ તો, આ 'ઘર ચલે' એટલે શું ? મૂળ ભણી ? આ મૂળ એટલે શું ? સંયમ, કરકસર, સાદગીભર્યું અ-વ્યયી જીવન ? 'ઝીરો વેસ્ટ હોમ' પુસ્તકમાં તેની લેખિકા બી. જોનસન શું કહે છે? મિનિમલીસ્ટ થઈએ? રિ-સાયકલ- રિ-યુસ- રિડ્યુસ ઉપરાંત રિફ્યુસ અને રૉટ પણ ? શા માટે ? હેન્રી ડેવિડ થોરોએ તેમના વૉલ્ડન પુસ્તકમાં સચોટ સવાલ ઉઠાવેલ છે કે, 'શિકારયુગમાં માણસોએ પેટ ભરવા માટે જેટલા કલાકો ગાળવા પડતા તેટલા જ કલાકો આજે પણ ગાળવા પડતા હોય તો માનવ સભ્યતા વિકાસ પામી છે- એવું કઈ રીતે કહી શકાય?'

આ સઘળા વિચારવ્યવહાર મુદ્દાઓને આવરી લઈ આપના અવલોકન-લેખ તા. ૩૧/૫/૨૦૨૧ સુધીમાં નિમ્નોક્ત સરનામે મોકલવા સાદર વિનંતી.

(તરુણ શાહઃ બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ, ભુયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ- ૬૧. tarunrshah@yahoo.com)